

**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતું સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૨૯ ❖ અંક : ૫ ❖ ૧૦, જાન્યુઆરી-૨૦૧૦

૨૪, મોહર્રમ, હિ.સન-૧૪૩૧ ❖ સળંગ અંક : ૩૪૧

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસુમ મહેરપુરી
✆ ૨૨૩૧૦૪ મો.૯૪૨૮૫૮૫૩૭૨

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સુલેમાન આઈ. માસ્ટર

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી વલીભાઈ નુરભાઈ આગલોડીયા
મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૬૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❈ ઊઘડતે પાને | ૦૧ |
| ❈ કુરઆન શિક્ષણ | ૦૭ |
| ❈ ગડમથલ | ૦૮ |
| ❈ અહાદીસ | ૦૯ |
| ❈ સત્યદર્શન | ૧૧ |
| ❈ નહજુલ બલાગહ | ૧૫ |
| ❈ જુંબિશે લબ | ૧૯ |
| ❈ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૧ |
| ❈ લાલચનું ફળ | ૨૬ |
| ❈ મશાયખવાણી | ૨૭ |
| ❈ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૧ |
| ❈ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૫ |
| ❈ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૮ |
| ❈ જ્ઞાનગોષ્ઠિ | ૪૧ |
| ❈ આપણા ઘરની વાતો | ૪૫ |
| ❈ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૪૭ |


## ઊઘડતે પાને...

યવ્મે આશુરા.

દસમી મોહર્રમનો દિવસ.

આલે મોહંમદની કુરબાનીનો દિવસ.

ઈમામ હુસૈન(અ.)ની શહાદતનો દિવસ.

આ એ દિવસ છે કે જે દિવસે કોઈ પણ સાચા મોમિનનું, એહલેબયતના ચાહકનું હૈયુ ગમથી ભરાઈ જાય છે, આંખો આંસુઓથી ઉભરાઈ જાય છે.

આવું શા માટે થાય છે ?

આવું બધું એટલા માટે થાય છે કે દસમી

**માનવતા કો દિ' માહે મોહર્રમ ન ભૂલશે,**
**આલે નબીનો ગમ કદી આલમ ન ભૂલશે.**

મોહર્રમની સવાર કયામતની સવાર હતી અને આ સવાર પછી એહલેબયતને આવી બીજી સવાર જોવાનું નસીબ થયું ન હતું. આ એવી ગમનાક સવાર હતી કે જેના પછી નબી(સ.)ના ઘરનો ખાતમો થઈ ગયો હતો. રસૂલ(સ.)ના ખાનદાનના જગમગતા ચિરાગને બુઝાવી નાખવામાં આવ્યો હતો.

જ્યારે સવાર પડ્યું તો બધાએ નમાઝ પઢવાનો ઈરાદો કર્યો. પરંતુ વુઝૂ કરવા માટે પાણી જ ક્યાં હતું ? બધાએ તયમ્મુમ કર્યું. શાહઝાદા અલી અકબરે ઊંચા અને દર્દસભર અવાજમાં અઝાન પોકારી. અલી અકબરની અઝાને તો બધાંનાં હૈયાંને હચમચાવી દીધાં. બધાંનાં હૈયાં ગમથી ચીરાઈ ગયાં.

ઈમામ હુસૈન(અ.) પેશ ઈમામ બનીને આગળ ઊભા થઈ ગયા. આપની પાછળ બધા સફો બાંધીને ઊભા થઈ ગયા. આ હતી નમાઝીઓએ પોતાના આકાની પાછળ પઢેલી છેલ્લી નમાઝ.

હજુ તો નમાઝ પૂરી ય થઈ નહોતી એટલામાં તો શામના લોકો તરફથી તીરોનો વરસાદ શરૂ થઈ ગયો.

ઈમામ હુસૈન(અ.)એ હઝરત અબ્બાસ (અ.)ને ફરમાવ્યું,

'આ જાલિમો જંગ કરવા ઈચ્છે છે અને તેઓ આપણી સાથે જંગ કર્યા વગર નહીં રહે.'

આટલું કહીને આપે અબ્બાસ(અ.)ને હુકમ કર્યો,

'યુધ્ધની હરોળોને ક્રમાનુસાર ગોઠવી દો.'

હઝરત અબ્બાસ(અ.)એ પોતાના વફાદાર મુજાહિદોને ફરમાવ્યું,

'દોસ્તો ! હુઝૂર જંગની તૈયારી કરવા માટે ફરમાવી રહ્યા છે કે આપણે ઝડપથી જંગની તૈયારી કરવી જોઈએ.'

બસ, અબ્બાસ(અ.)નો હુકમ થતાંની સાથે જ બધાએ પોત પોતાના શરીર ઉપર હથિયારો બાંધવાનું શરૂ કરી દીધું. જ્યારે બધા તૈયાર થઈ ગયા તો સફોની ગોઠવણી પણ થઈ ગઈ.

હુસૈન(અ.)એ સૌ પ્રથમ પોતાના કડીયલ જવાન અલી અકબરને મેદાનમાં જવાનો હુકમ કર્યો. આ સાંભળીને હબીબ ઈબ્ને મઝાહિર પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢીને હુસૈન(અ.)ની ખિદમતમાં અરજ કરવા લાગ્યા,

'આકા ! અમારા જીવતાં જીવ અલી અકબર મેદાનમાં જાય ? શાહઝાદા પોતાની જાન કુરબાન કરી દે ? તો પછી કયામતના દિવસે આપના નાના રસૂલે ખુદા(સ.)ને અમે શું મોઢું બતાવીશું ? મૌલા! પ્રથમ તો આ તલવારથી મારું મસ્તક જુદું કરી નાખો અને ત્યાર પછી શાહઝાદા અલી અકબરને મેદાનમાં જવાની રજા આપો.'

આ સાંભળીને ઈમામ હુસૈન(અ.) ખામોશ થઈ ગયા. ટૂંકમાં ત્યાર પછી તો એક પછી એક અન્સાર ઈમામની રજા મેળવીને જંગના મેદાનમાં જવા લાગ્યો અને વીરતાપૂર્વક લડીને શહીદ થવા લાગ્યો. જે કોઈ મેદાનમાં જતો હતો તે જીવતો પાછો આવતો ન હતો. ઈમામ પોતે મેદાનમાં જતા અને તેની લાશને ઊઠાવીને લઈ આવતા હતા.

અન્સારોના પછી સ્વજનોનો વારો આવ્યો. ઔનો મોહંમદ ગયા અને ખૂનમાં નાહીને આવ્યા. હસન(અ.)ની નિશાની જનાબે કાસિમ(અ.) ગયા અને શહીદ થઈ ગયા. આપની લાશ પણ ઘોડાની

**બાબાની બાદ જિંદગી આફત બની ગઈ,**
**બિન્તે નબીથી બાપની ઉમ્મત ફરી ગઈ.**



**નારી જગતના રાહને અજવાળવા જગે,**
**આવી'તી અર્શથી અને અર્શે ફરી ગઈ.**

## અક્સે કરબલાનું સ્થાન દર્શન

- ૧ હઝરત ઈમામ હુસૈન(અ.)નો મુબારક રોઝો
- ૨ હઝરત અબ્બાસ અલમદાર(અ.)નો મુબારક રોઝો
- ૩ તલ્લએ ઝયનબીયા - ઝયનબીયા ટેકરી
- ૪ ખયમાગાહ(ઈમામ હુસૈન(અ.)ના ખયમાઓની જગ્યા)
- ૫ કફે અબ્બાસ - હઝરત અબ્બાસ(અ.)નો ડાબો હાથ કલમ થયો તે જગ્યા
- ૬ કફે અબ્બાસ - હઝરત અબ્બાસ(અ.)નો જમણો હાથ કલમ થયો તે જગ્યા
- ૭ મકામે શેરે ફિઝ્ઝા
- ૮ મકામે સાહેબુઝ્ઝમાન(અ.)
- ૯ એક રાતની મોહલત માટે ઈમામ હુસૈન(અ.) અને ઉમર બિન સાઅદ વચ્ચે વાટાઘાટો થઈ તે જગ્યા
- ૧૦ મકામે અલી અકબર (જનાબે અલી અકબર શહીદ થયા તે જગ્યા)
- ૧૧ મકામે અલી અસગર (જનાબે અલી અસગર શહીદ થયા તે જગ્યા)
- ૧૨ અલ્લામા ઈબ્ને ફહદ હિલ્લીનું મકામ
- ૧૩ જનાબે અલી ઈબ્ને અલ હમ્ઝા(અ.)નો રોઝો
- ૧૪ મકામે ઈમામ જાફર સાદિક(અ.)
- ૧૫ જનાબે હૂર ઈબ્ને રિયાહીનો રોઝો
- ૧૬ મકામે ઈમામ મૂસા કાઝિમ(અ.)
- ૧૭ મકામે જનાબે સકીના બિન્તે ઈમામ હુસૈન(અ.)
- 1 બન્ને હરમ વચ્ચેની વ્યવસ્થા અને સંરક્ષણની ઓફિસ
- 2 બ્લેન્કેટ વિતરણ કેન્દ્ર
- 3 ખોવાઈ ગયેલી વ્યક્તિઓ માટેની ઓફિસ
- 4 5 6 7 8 9 10 આરોગ્યલક્ષી સેવાઓ
- ☽ ખાસ ફરજ બજાવવા માટેની મેડીકલ ટુકડી
- ☽ આરોગ્ય કેન્દ્ર
- △ હોસ્પિટલ
- ▬ વાદળી રંગની લીટી નહેરે ફુરાત દર્શાવે છે

ખરીઓથી પાયમાલ થઈ ગઈ. હુસૈન(અ.)ના કડીયલ જવાબ અલી અકબરને ઈમામે મુશ્કેલીથી રજા આપી. અલી અકબર મેદાનમાં ગયા, ખૂબ લડ્યા પરંતુ આહ... ! એક જાલિમે તાકીને એવો ભાલો અલી અકબરની છાતી ઉપર માર્યો કે આપ ઘોડા ઉપરથી જમીન ઉપર આવી ગયા. હુસૈન(અ.)એ પોતાના ઝઈફ હાથોથી કડીયલ જવાનની છાતીમાંથી ભાલો બહાર કાઢ્યો.

હઝરત અબ્બાસ(અ.) પણ પોતાના બન્ને હાથ કપાવીને નહેરે ફુરાતના કિનારે શહીદ થઈ ગયા એટલે સુધી કે છ માસના નાનકડા મુજાહિદ અલી અસગર પણ શહીદ થઈ ગયા અને હવે ઈમામ કરબલાના મેદાનમાં એકલા રહી ગયા. હુસૈન(અ.) જ્યાં નજર ફેંકતા હતા ત્યાં આપને પોતાના સ્વજનો અને મિત્રોની લાશો સિવાય બીજું કંઈ દેખાતું ન હતું. જ્યારે કોઈ મદદગાર બાકી ન રહ્યો તો ખુદ ઈમામ હુસૈન(અ.) જિહાદ કરવા માટે તૈયાર થઈ ગયા અને છેલ્લી વિદાય માટે ખયમામાં તશરીફ લાવ્યા અને મોટા અવાજે કહ્યું,


'અય ઝયનબ ! અય ઉમ્મે કુલસુમ ! અય રૂકૈયા ! અય સકીના ! **અલયકુમ મિન્ની સલામ.** (તમારા બધા ઉપર મારા સલામ થાય.)'

ત્યાર પછી ફરીથી કહ્યું,

'અય મારી માતાની ખાસ કનીઝ ફિઝ્ઝા ! તમારા ઉપર પણ મઝલૂમ હુસૈનના સલામ થાય.'

આ અવાજે તો એહલેહરમમાં કયામતનું સર્જન કરી દીધું. ઈમામે એકે એકને ગળે વળગાડ્યા અને પછી પોતાની પ્યારી દીકરી સકીનાને ગળે લગાવીને રડવા લાગ્યા. જનાબે સકીના રડી રડીને કહેતાં હતાં,

**દિલના, જિગરના ચૈન હુસૈનો હસન સમી,**
**દીને ખુદાને દિલની મતાઓ ધરી ગઈ.**



**નશ્વર જગત મહીં અરે નાની શી ઉમ્રમાં,**
**નારી જગતને તારવા કંઈ કંઈ કરી ગઈ.**

'બાબા ! શું આપ કતલ થવા માટે મેદાનમાં જઈ રહ્યા છો ?'

હઝરતે ફરમાવ્યું,

'બેટી ! જેનો કોઈ મિત્ર કે મદદગાર બાકી રહ્યો ન હોય તે મરવા માટે કેમ ન જાય ? બેટા સબર કરજો અને તમારી ફોઈની પાસે રહેજો.'

જનાબે ઝયનબ(અ.)એ કહ્યું,

'ભૈયા ! જરા સજ્જાદને પણ મળતા જાઓ. તેઓ બીમારીની હાલતમાં બેભાન પડેલા છે.'

ઈમામે મઝલૂમ તરત જ બીમારે કરબલાની પાસે આવ્યા અને તેમના બાવડાને હલાવીને કહ્યું,

'બેટા ! ઊભા થાઓ. બેટા સજ્જાદ ! ઊઠો. હવે તમારો બાપ મરવા માટે જઈ રહ્યો છે.'

આ શબ્દો સાંભળતાંની સાથે જ સૈયદે સજ્જાદે પોતાની આંખો ખોલી નાખી અને બાપની તા'ઝિમ માટે ઊભા થવા ઈચ્છતા હતા પરંતુ અશક્તિના કારણે ઊભા ન થઈ શક્યા. સજ્જાદે અરજ કરી,

'બાબાજાન ! આપ કેમ જઈ રહ્યા છો ? કાકા અબ્બાસ ક્યાં છે ? અલી અકબર ભૈયા ક્યાં છે ? કાસિમ અને ઔનો મોહંમદ ક્યાં ગયા છે ?'

આ સાંભળીને હઝરતે ફરમાવ્યું,

'બધા જ રાહે ખુદામાં કામ આવી ગયા, એટલે સુધી કે છ મહિનાના અલી અસગર પણ શહીદ થઈ ગયા.'

સૈયદે સજ્જાદે કહ્યું,

'બાબા ! આ ગુલામ તો હાજર છે ને ? મને જંગમાં જવાની પરવાનગી આપો.'

હુસૈન(અ.)એ ફરમાવ્યું,

'બેટા ! જો તમે પણ માર્યા ગયા તો આ કાફલાનો સરદાર કોણ બનશે ? બેટા ! હવે તો તમે અમારા જાંનશીન અને ખલ્કના ઈમામ છો. સારું ત્યારે, બેટા ! જો તમને નવરાશ મળે તો મુજ ગરીબની લાશ ઉપર જરૂરથી આવજો.'

આટલું કહીને હુસૈન(અ.) ખયમામાંથી બહાર જવા લાગ્યા. સૈયદાણીઓ નિસાસા નાખીને રડી રહી હતી. હુસૈન(અ.) આવી અવસ્થામાં સૈયદાણીઓને છોડીને ખયમામાંથી બહાર નીકળી આવ્યા.

જ્યારે હુસૈન(અ.) ખયમામાંથી બહાર આવ્યા તો આપનો ઘોડો દરવાજા ઉપર ઊભેલો હતો. હુસૈન(અ.) ઘોડા ઉપર સવાર થવા ઈચ્છતા હતા પરંતુ ઘોડાનું પેંગડું પકડનાર કોઈ ન હતું. હુસૈન(અ.)એ કરબલા તરફ મોઢું કરીને પોતાના મુજાહિદોને સંબોધીને અવાજ કર્યો પરંતુ હાય... હવે તો મુજાહિદો ક્યાં હતા ? બધા જ રાહેખુદામાં શહીદ થઈ ગયા હતા.

રાવી કહે છે કે મેં જોયું કે એકાએક તંબુનો પડદો ઊંચો થયો અને કાળા રંગનો બુરખો પહેરેલ એક બીબી બહાર આવ્યાં અને ઘોડાના પેગડાને પકડી રાખીને કહ્યું,

'ભૈયા ! તારી આ બહેન તારી આ મઝલૂમી પર કુરબાન થઈ જાય, લો, હું ઘોડાનું પેંગડું પકડું છું, આપ સવાર થઈ જાઓ.'

ઈમામે ફરમાવ્યું,

'બહેન ! તમે મારા જીવતા જીવત તંબુમાંથી બહાર કેમ નીકળી આવ્યાં ? બેન ! તમે તંબુમાં પાછાં જતાં રહો. હું પોતે જ ઘોડા ઉપર સવાર થઈ જઈશ.'

હુસૈન(અ.) ઘોડા ઉપર સવાર થઈ ગયા. ઘોડાને ચાલવા માટે ઈશારો કર્યો. ઘોડાએ પોતાના

**નિજના અમલ થકી જ દઈને નૂતન પયામ,**
**નારી-જગતનો જાણે પયગમ્બર બની ગઈ.**
**બાઅદે રસૂલ બાપની ઉમ્મત થકી અરે,**
**સદમા સહી સહી અને બિન્તે નબી ગઈ.**

પગ આગળ ન વધાર્યા. તો હઝરતે ફરમાવ્યું,

'અય ઘોડા ! મારા જીવનના અંતિમ સમયે તું પણ મારાથી અલગ થવા માગે છે કે શું ?'

ઘોડાએ પોતાના મસ્તકને નમાવીને નીચે તરફ ઈશારો કર્યો. જ્યારે હુસૈન(અ.)એ નીચે નજર કરી તો સકીના ઘોડાના પગો સાથે વળગીને ફરિયાદ કરી રહ્યાં હતાં.

'અય ઘોડા ! મને યતીમ ન કરતો. મારા બાબાને મેદાનમાં ન લઈ જતો.'

હુસૈન(અ.) ઘોડા ઉપરથી નીચે ઊતર્યા. સકીનાને પોતાની છાતી સાથે લગાવ્યાં, દિલાસો આપ્યો અને પોતે કરબલાના મેદાનમાં તશરીફ લઈ ગયા.

ત્રણ ત્રણ દિવસની ભૂખ અને તરસ, દિલ ઉપર બોત્તેર દાગ, તેમ છતાંય હુસૈન(અ.)એ કરબલાના મેદાનમાં એવી બહાદુરી બતાવી કે દુશ્મનો શિયાળવાંની માફક નાસવા લાગ્યા.

અફસોસ... ! જેનો વાયદો કરવામાં આવ્યો હતો તે સમય નજીક આવી ગયો. ચારેય તરફથી તીર આવવા લાગ્યાં. આપનું આખું ય શરીર ચારણીના જેવું થઈ ગયું. તરસના લીધે જીવ હોઠો ઉપર આવી ગયો. એ વખતે પણ ઈમામે આવાઝે ઈસ્તેગાસા (મદદ માટેનો પોકાર) બુલંદ કર્યો. તરત જ જીબ્રઈલે ખુદાને અરજ કરી,

'અય પાલનહાર ! મારાથી હુસૈન(અ.)ની બેક્સી અને બેબસી જોઈ જતી નથી. આ એ જ હુસૈન તો છે કે જેમનો ઝુલો ઝુલાવવા માટે હું જતો હતો. આ એ જ હુસૈન તો છે કે જેમના માટે જન્નતથી મેવા લઈને હું જતો હતો. ઈલાહી ! હુસૈન(અ.)ની આવી હાલત મારાથી જોઈ જતી નથી. તું મને રજા આપ જેથી હું હુસૈન(અ.)ની મદદ માટે જાઉં.'

અવાજ આવ્યો,

'અય જીબ્રઈલ ! જાઓ. જો હુસૈન તમારી મદદનો સ્વીકાર કરે તો જઈને તેમની મદદ કરો.'

જીબ્રઈલ(અ.) તરત જ કરબલાના મેદાનમાં આવ્યા અને જલ્દીથી હુસૈન(અ.) ઉપર પોતાની પાંખોનો છાંયડો કર્યો. ઈમામને થોડીક ઠંડકનો અનુભવ થયો. ઉપર તરફ નજર કરી અને કહ્યું,

'કોણ છે ?'

અવાજ આવ્યો,

'એ તો હું, આપનો ખાદિમ જીબ્રઈલ છું.'

હુસૈન(અ.)એ કહ્યું,

**હુસૈની કમાલાત**

ઈમામ હુસૈન(અ.) નબીએ કરીમ(સ.)ના નવાસા હતા. સંભવ છે કે આપ પ્રેમને ખાતર તેમને ચુંબન કરે, છાતી સરસા ચાંપી લે અથવા પોતાના ખભા ઉપર બેસાડી દે.

પરંતુ...


અલ્લાહ સમક્ષ સિજદો કરતી વખતે જ્યારે હુસૈન(અ.) રસૂલિલ્લાહ(સ.)ના ખભા ઉપર ચઢી ગયા અને આપે સિજદાને લાંબો કરી દીધો.

આ કંઈ માનવસહજ પ્રેમ નથી કેમકે અલ્લાહના રસૂલ(સ.) ખુદાના પ્રેમની વચ્ચે ઓલાદને લાવી શકતા નથી.

**તો પછી... આ લાંબો સિજદો શા માટે ?**

ફક્ત એટલા જ માટે કે હુસૈન(અ.)ની ઝાતમાં એવી વિશિષ્ટતાઓ મોજુદ હતી કે જે ઈસ્લામનો ડંકો વગાડી ગઈ.

બન્ને જગતના શાહની શાહઝાદી વિશ્વમાં,
દેવા સબક અમલ તણો ચક્કી દળી ગઈ.



ચેહરાનું નૂર બાપના ગમથી ગયું અને,
રહી ગઈ જીવનની જ્યોત એ દુ:ખથી ઠરી ગઈ.

'અય જીબ્રઈલ ! હટી જાઓ. આ સમય મારી કસોટીનો છે અને હું અત્યારે મારા ખુદાના દરબારમાં હકની અને સદાકતની પરીક્ષા આપી રહ્યો છું. અત્યારે મારે કોઈની ય મદદની જરૂર નથી. એવું ન બને કે હું હકીકી પરીક્ષામાં અસફળ થઈ જાઉં.'

જીબ્રઈલ(અ.) હટી ગયા અને હુસૈન(અ.) ઘોડા ઉપરથી જમીન ઉપર નીચે તશરીફ લાવ્યા. શીમર આગળ વધ્યો. હુસૈન(અ.) સિજદામાં ઝુકેલા છે અને ત્યાર પછી તો શીમરે એવું (ગોઝારૂં) કૃત્ય કર્યું કે આકાશમાંથી અવાજ આવ્યો,

**'અલા કોતેલલ હુસૈનો બે કરબલા.**
**અલા ઝોબેહલ હુસૈનો બે કરબલા.'**

દુનિયામાં તોફાનનું તાંડવ મચી ગયું. જમીનને ધરતીકંપ થયો. કાળા રંગની આંધી ઊઠી. સમુદ્રોમાં પાણી ઉછળી ઉછળીને બહાર નીકળવા લાગ્યાં. આકાશમાંથી ખૂન વરસ્યું. ખયમાઓમાંથી **'વા હુસૈના'**ના અવાજો આવવા લાગ્યા અને એ વખતે તો એવું લાગતું હતું કે જાણે કયામત આવનાર છે અને આકા હુસૈન(અ.) શહીદ થઈ ગયા.

**શાહે મઝલૂમ તેરા નામ રહેગા બાકી,**
**સાથ ઉસ નામકે ઈસ્લામ રહેગા બાકી.**
**અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝઝાલેમીન.**

('શમએ હિદાયત' મજલિસ નંબર-૧૦માંથી અનુવાદિત)


**એ.એચ.આગલોડીયા** મો.૯૪૨૯૫૪૫૪૫૫
(પીંપોદરવાળા)



**ભાગ્યોદય ડ્રેસીસ**
**ડ્રેસ મટીરીયલ્સ, ગાઉન**
**આદર્શ દુગ્ધાલય પાસે, હાજીપુરા, હિંમતનગર.**


તમારૂં દીની જ્ઞાન ચકાસો.

## ઈસ્લામી કવીઝ નં. ૧૧૦

**(૧) હઝરત રસૂલે ખુદા(સ.) જે દિવસે નબી તરીકે જાહેર થયા તે દિવસને -**
(A) ઈદે મેઅરાજ કહેવાય છે.
(B) ઈદે મબઉસ કહેવાય છે.
(C) ઈદે મુબાહિલા કહેવાય છે.

**(૨) વુઝૂ કર્યા પછી નીચેનામાંથી કઈ ક્રિયા કરવાથી વુઝૂ તૂટી જાય છે.**
(A) કોઈ હલાલ વસ્તુ ખાવાથી
(B) ઊંઘી જવાથી
(C) રૂમાલથી મોઢું લૂછવાથી

**(૩) નીચેના શબ્દોમાંથી કયો શબ્દ અલ્લાહના ઘર કા'બા માટેનો છે તે શોધી કાઢો.**
(A) બયતુશ્શરફ
(B) બયતુલહરામ
(C) બયતુસ્સિલાહ


**(૪) જે ઈબાદત તેના યોગ્ય સમયે ન કરવામાં આવી હોય તેને શું કહેવાય ?**
(A) કઝા (B) અદા (C) કસર

**(૫) એવું કાર્ય કે જે કરવાથી સવાબ મળે છે અને ન કરવાથી ગુનાહ થતા નથી તેના માટે કયો શબ્દ વપરાય છે ?**
(A) મકરૂહ (B) મુસ્તહબ (C) વાજિબ

**(૬) અલી અસગરના ગળા ઉપર કયા હત્યારાએ તીર લગાવ્યું હતું ?**
(A) હારિસ (B) હુરમલા (C) અરઝોક

**(૭) ખૂમે ગદીરનો ઐતિહાસિક પ્રસંગ કયા સમયે બન્યો હતો ?**
(A) સવારે (B) બપોરે (C) સાંજે

**બખ્શાઈ રહેશે હશ્રમાં 'શમશીર'' તું ખચીત,**
**તુજ અશ્રુને બતૂલની ચાદર મળી ગઈ.**



**ન જાણવાનું જણાવી દીધું પલીદ થઈને કોઈ કપુતે,**
**કોઈ સપુતે શહીદ થઈને જણાવવાનું જણાવી દીધું.**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ નિ:સંશય જેઓ જોર જુલ્મથી યતીમોનો માલ ખાઈ જાય છે તેઓ પોતાના પેટમાં અંગારા જ ભરે છે; અને ટૂંક વખતમાં તેઓ ધગધગતી આગ(નો અઝાબ) પામશે. **(પારો-૪, સૂરએ નિસા, આયત-૧૦)**

✻ અલ્લાહ તમારો બોજો હલકો કરી નાખવાનો ઈરાદો ધરાવે છે, અને ઈન્સાનને માત્ર કમજોર પેદા કરવામાં આવ્યો છે.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૨૮)**

✻ હે ઈમાન લાવનારાઓ ! તમે આપસમાં એક બીજાનો માલ નાહક ખાઈ જાઓ નહીં સિવાય તે(નફો) કે જે એકબીજાની રાજી ખુશીથી કરેલા વેપારમાં થયેલો હોય અને તમારા માંહેનાઓનો ઘાત કરો નહીં; બેશક અલ્લાહ તમારા પર અતિ રહેમ કરનારો છે. ✻ અને જે કોઈ બળજબરી અથવા જુલમ કરીને તેમ કરશે તો તેને અમે જહન્નમની આગમાં પહોંચાડીશું; અને આ વાત અલ્લાહ માટે તદ્દન સહેલી છે.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૨૯ થી ૩૦)**

✻ અને તમારામાંથી કેટલાકોને કેટલાકો પર અલ્લાહે જે સરસાઈ આપી છે તેની ઈર્ષા કરો નહીં; પુરૂષોને તેમની કમાઈ પ્રમાણે ભાગ મળશે અને સ્ત્રીઓને તેમની કમાઈ પ્રમાણે ભાગ મળશે; અને અલ્લાહ પાસે રોજીના સંબંધમાં તેની કૃપા ચાહતા રહો; બેશક અલ્લાહ દરેક વસ્તુનો સંપૂર્ણ જાણકાર છે. **(પારો-૫, સૂરએ નિસા, આયત-૩૨)**

✻ અને અલ્લાહની જ ઈબાદત કરો તથા કોઈ પણ વસ્તુને તેની બરોબરીની ઠરાવો નહીં તથા માત-પિતા સાથે ભલાઈથી વર્તો તથા નજીકનાં સગાંવહાલાં તથા યતીમો તથા મિસ્કીનો તથા પાડોશી કુટુંબીઓ તથા પાડોશી ત્રાહિતો અને બાજુમાં બેસનારા મિત્રો તથા મુસાફરો તથા લોંડી ગુલામો સાથે (પણ ભલાઈથી વર્તો); બેશક જેઓ અભિમાની (તથા) શેખીખોર હોય છે તેમને અલ્લાહ દોસ્ત રાખતો નથી.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૩૬)**

✻ (હે રસૂલ !) શું તેં તેમને નથી દીઠા કે જેઓ પોતાને પાક ઠરાવે છે ? બલ્કે અલ્લાહ જેને ચાહે છે તેને જ પાક કરે છે અને તેમના પર સૂતરના તાંતણા બરાબર પણ જુલમ કરવામાં આવશે નહીં.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૪૯)**

✻ આ લોકો એ જ છે કે જે કાંઈ(ફસાદ) તેમના મનમાં છે તે અલ્લાહ સારી પેઠે જાણે છે, માટે તું પણ તેમને જતા કર અને તેમની નસીહત કર અને તેમના દિલોમાં અસર કરે તેવી વાતો કર.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૬૩)**

✻ જે કોઈ સારી ભલામણ કરશે તેમાંથી તેને પણ ભાગ મળશે અને જે કોઈ બૂરી ભલામણ કરશે તો તેમાંથી પણ તેને ભાગ મળશે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.


**(પારો-૫, સૂરએ નિસા, આયત-૮૫)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭


બની પયમ્બર તણા પયમ્બર ફરીથી દીંનો પયામ આપી,
ઈલાહી શાસન ફરી હુસૈને ઈલાહી શાસન બનાવી દીધું.

બધાંય બાગે નબીના પુષ્પો લૂંટાવી મુશ્કિલકુશાના લાલે,
ચમન ફરીથી ખુદાના દીંનુ ભરી સુવાસો ખિલાવી દીધું.



# અહાદીસ



## ખેતીવાડી અને જાનવરોના ઉછેર વિષે

આપણે અગાઉ જોઈ ગયા કે ઈસ્લામે માણસને ખાસ કરીને કામ અને મહેનત કરવા તરફ પ્રવૃત્ત કર્યો છે અને સુસ્તી તેમજ બેકાર બેસી રહેવાની મનાઈ કરી છે. જ્યારે જ્યારે તેણે કામધંધાની વાત કરી છે ત્યારે ત્યારે તેણે ત્રણ કાર્યો **ખેતીવાડી, પ્રાણીઓનો ઉછેર** અને **વેપાર** ઉપર વધારે ભાર મૂક્યો છે અને આ ત્રણ બાબતોને તેણે વધારે મહત્વ આપ્યું છે.

**(૧) ખેતીવાડી :**

ઘણા બધા પ્રસંગોએ ખેતીવાડીના કાર્યને સૌથી પ્રિય ગણવામાં આવ્યું છે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે : **'ખુદાની દૃષ્ટિએ કામ ધંધાઓમાં ખેતીવાડી કરતાં વધારે પ્રિય બીજું એકે ય કાર્ય નથી.'**


### ફાતેમા હોસ્ટેલ

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતની ધો. ૮ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે નવા શૈક્ષણિક સત્ર માહે જૂન-૨૦૧૦થી ઝહીરાબાદ, હિંમતનગર ખાતે શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત ફાતેમા હોસ્ટેલ ચાલુ થઈ રહેલ છે, તેનો લાભ લેવા વિનંતી.

:::::::::: **સંપર્ક** ::::::::::

ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ, હિંમતનગર.

ફોન : ૦૨૭૭૨-૨૨૨૩૧૮


એક વ્યક્તિએ ઈમામ જાફર સાદિક(અ.)ને અરજ કરી કે મેં સાંભળ્યું છે કે કેટલાક લોકો એવું કહે છે કે ખેતીવાડી એક મકરૂહ અને બિનપસંદગીપાત્ર કાર્ય છે. આપે ફરમાવ્યું,

**'(આ ખરેખર તેમની ભૂલ છે) ખેતીવાડી કરો અને વૃક્ષો ઉગાડો. ખુદાની કસમ, ખેતીવાડી કરતાં વધારે સારું બીજું એકે ય કાર્ય નથી.'**

એક વખત હઝરત રસૂલે અકરમ(સ.)ને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે કયો માલ સારો ગણાય?

આપે ફરમાવ્યું,

**'એવી ખેતી(કૃષિ) કે જે કોઈ વ્યક્તિએ જાતે જ તૈયાર કરી હોય અને કાપણીના સમયે (તેના) વાજિબ હકો અદા કરી દેવામાં આવેલ હોય (તે માલ.)'**

ઈસ્લામ કહે છે કે ખેતીવાડી દોલતનું ઝરણું અને બીજ છે. તેથી ઈમામ અલી(અ.)થી નકલ કરવામાં આવી છે કે -

**'જે માણસ પાણી અને માટી(જમીન) ધરાવતો હોય તેમ છતાં પણ ગરીબ હોય તો ખુદા તઆલા તેને પોતાની રહેમતથી દૂર કરી દે છે.'**

**(૨) પ્રાણીઓનો ઉછેર :**

ઈસ્લામ ધર્મના દૃષ્ટિકોણથી બરકતના ઉદ્‌ગમસ્થાનોમાંથી એક પ્રાણીઓને પાળવાનું છે. આ કારણને લીધે જ એક વાર હઝરત રસૂલે ખુદા(સ.) પોતાની નિકટના લોકોમાંથી એક જણને પૂછ્યું,

**'એનું કારણ શું છે કે તારા ઘરમાં બરકતનું**

યઝીદીયતના સડાને કાપી ફરીથી દીંને સમારવાનું,
પતે નહીં જે સદીઓ તક એ હુસૈને પળમાં પતાવી દીધું.

યઝીદે ખેંચીને દીંની ચાદર ચહી'તી દીને નબીની દુર્ગત,
પરંતુ દઈને રિદાએ ઝયનબ ઈલાહી શાસન સજાવી દીધું.

ઉદ્‌ગમસ્થાન નથી ?' તો તેણે અરજ કરી, **'બરકત કઈ વસ્તુમાં રહેલી છે ?'** આપે ફરમાવ્યું, **'(જેની પાસે) દૂધ આપનાર ઘેટી-બકરી, ઊંટડી કે ગાય હોય (તે બરકતના પ્રાપ્તિ સ્થાનનો માલિક છે) કેમકે આ બધી વસ્તુઓ બરકત પ્રાપ્ત કરવાના સ્રોત છે.'**

વળી આપે એવું ફરમાવ્યું છે :

**'ઘેટાં-બકરાં પાળો કેમકે ઘેટાં-બકરાં સારું ધન (ગણાય) છે.'**

**'તમારે ઘેટાં-બકરાં પાળવાં જોઈએ અને ખેતીવાડી કરવી જોઈએ.'**

ઈસ્લામ ધર્મ એવું ઈચ્છે છે કે મુસલમાનો હંમેશાં ઉન્નત મસ્તક, આબરૂદાર અને શક્તિશાળી રહે. તેથી તે ઉન્નત મસ્તક રાખનારા વિવિધ પ્રકારનાં માધ્યમોને પ્રાપ્ત કરવાને ઉત્તેજન આપે છે (અને) તેમાં ય સવારીનાં જાનવરોને પ્રાપ્ત કરવાને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે.

ઈમામ અસ્સાદિક(અ.) ફરમાવે છે :

**'પોતાના માટે સવારીનું એક જાનવર રાખો કેમકે તે શણગાર છે અને તેના દ્વારા તમે તમારી જરૂરિયાતો પૂરી કરી શકો છે અને તેમની રોઝી ખુદાની પાસે છે.'**

પછી આપ ફરમાવે છે :

**'પુરૂષની ભલાઈમાં અને નેકબખ્તીમાં સવારીના જાનવરને રાખવું સંમિલિત છે જેથી જરૂરિયાતના સમયે તે તેના પર સવારી કરે અને તેના દ્વારા પોતાના ભાઈઓના હક્કો પૂર્ણ કરે.'**

વળી હઝરત રસૂલે અકરમ(સ.)એ પણ સવારીના જાનવરની ગણતરી માણસની નેકબખ્તીમાં કરી છે. જો કે એ બાબત યાદ રાખવી જોઈએ કે એ જમાનામાં સ્થાનાંતર માટેનાં સાધનો જાનવરો પૂરતાં મર્યાદિત હતાં અને એ વખતે આજના જેવાં યંત્રોની શોધ થઈ ન હતી. તેમ છતાં કુરઆને મજીદે સ્થાનાંતરના દરેક પ્રકારના માધ્યમોના સર્જનને માનવી માટે એક નેઅમત ગણી છે અને એવો હુકમ આપ્યો છે કે તેના ઉપર સવારી દરમિયાન ખુદા તઆલાને યાદ કરવામાં આવે. તેથી એવો ઈરશાદ પણ થયો છે :

**'અને તમારા માટે નાવડીઓ બનાવો અને જેના જેના પર તમે સવાર થાઓ છો એવાં ચોપગાં પ્રાણીઓ (પેદા કર્યા છે) જેથી તમે તેમની પીઠ પર ચઢો અને જ્યારે તેમના પર (સારી રીતે) સીધા થઈને બેસો તો તમારા પરવરદિગારના ઉપકારને યાદ કરો અને કહો, તે ખુદા દરેક ઐબથી પાક છે કે જેણે તે(પ્રાણીઓ)ને અમારાં તાબેદાર બનાવ્યાં જો કે અમે તો એટલા બધા શક્તિશાળી ન હતા કે તેમના ઉપર કાબૂ મેળવીએ અને અમારે ચોક્કસપણે અમારા પરવરદિગારની તરફ પાછા જવાનું છે.** *

### નિડરતા

કરબલા જતાં માર્ગમાં એક દિવસ અલી અકબરે ઈમામ હુસૈન(અ.)ના ચહેરા ઉપર શોકની રેખાઓ જોઈને પૂછ્યું,

'બાબા ! શું આપણે સત્માર્ગ પર નથી ?'

ઈમામ હુસૈન(અ.)એ જવાબમાં ફરમાવ્યું,

'બેશક, આપણે હક ઉપર છીએ.'

હવે અલી અકબરના શબ્દો સાંભળો.

**'તો પછી કંઈ દરકાર નથી. ભલે મોત આપણી તરફ આવે અથવા આપણે મોત તરફ જઈએ.'**

યુવાનો ! તમારા અઢાર વરસના યુવાન નેતાના શબ્દોમાં એ નક્કર સિધ્ધાંત છુપાયેલો છે કે -

**'જેઓ હક ઉપર હોય છે તેઓ મોતથી ડરતા નથી.'**

**સહી સહીને સિતમ જફાઓ, હસી હસીને ઉઠાવી લાશો,**
**જગતને મહેશર તલક હુસૈને હુસૈની ગમમાં રડાવી દીધું.**



**અહીં હુસૈના છે ત્યાં હુસૈના જગતને ખૂણે ખૂણે હુસૈના,**
**અજબ છે એક જ ગરીબે ચોગમ હુસૈની જગને બનાવી દીધું.**

# સત્ય દર્શન

અલ્લાહ તઆલાએ બંદાને જે નેઅમતો અર્પણ કરી છે તેમાંની એક નેઅમત અકલે સલીમ પણ છે, વિવેકબુધ્ધિ પણ છે. દુનિયામાં સારું શું છે અને ખરાબ શું છે તેની બંદાને સમજ આપેલી છે અને આ નેઅમતનો ઉપયોગ કરીને તે જીવનમાં સારા કે ખરાબ વચ્ચેનો તફાવત પારખી શકે છે.

દુનિયામાં રહીને માણસ એટલો બધો પાવરધો અને હોંશિયાર બની ગયો હોય છે કે તે સારા-નરસા વચ્ચેનો તફાવત તરત જ સમજી જાય છે, સાવ ભૂલો પડતો નથી. જ્યારે તેણે કોઈ વસ્તુ ખરીદવી હોય તો તે પોતાની વિવેક બુધ્ધિનો ઉપયોગ કરીને યોગ્ય સ્થળે જ જાય છે. તેણે જે વસ્તુ ખરીદવાની હોય તે વસ્તુ ક્યાં મળશે તેની જાણકારી મેળવીને તેના યોગ્ય સ્થળે જ પહોંચી જાય છે. આમ કરવામાં તે ભૂલ કરતો નથી.

આ સંદર્ભમાં હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે) ફરમાવે છે :

**ક્યું બખારીએ પાસે નાંહી રે જાતે,**
**અને વહાંથી ખરીદી દીન નાંહી ક્યું લાતે.**

(હિદાયતનામા, બયાન-૧૨૫/૧૨)

માણસ દીનની અર્થાત ધર્મની પ્રાપ્તિ માટે વખારિયાની પાસે કેમ જતો નથી ? ત્યાંથી તે દીનની ખરીદી કેમ કરતો નથી ? માણસને ખબર જ છે કે વખારિયાની દુકાનેથી દીન વેચાતો નહીં મળે. વખારિયાની જથ્થાબંધ દુકાનેથી તો દુન્યવી માલ સામાન જ મળશે, ત્યાંથી તેને ધર્મ વેચાતો નહીં મળે. વળી દુન્યવી વસ્તુઓની ખરીદી માટે તે જે તે વસ્તુ બનાવનાર કુશળ કારીગરની પાસે જ જશે, તે વસ્તુ બનાવનાર કસબી પાસે જ જશે. એમાં તે જરા પણ ભૂલ થાપ નહીં ખાય.

હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે)ની દૃષ્ટિએ માણસ એટલો બધો હોંશિયાર છે કે-

**કેસા નાણાં હજામ નહીં દેખાતા રે,**
**સરાફ કે પાસ નહીં સર મુંડાતા રે.**

(હિદાયતનામા, બયાન-૧૨૬/૪)

માણસે પૈસા ઉધાર લેવા હશે તો તે હજામની પાસે નહીં જાય પણ સીધો શરાફની પાસે જશે અને પોતાના માથાનું મુંડન કરાવવું હશે તો તે નાણાંની ધીરધાર કરનાર શરાફની પાસે નહીં જાય પરંતુ સીધો હજામની પાસે જશે.)

**સોનીકે પાસ નહીં ધાન લેઈ આતા રે,**
**કડીયે કે પાસ રૂપા નહીં લાતા રે.**

(હિદાયતનામા, બયાન-૧૨૬/૫)

માણસ એટલો બધો ચાલાક છે કે જો તેણે અનાજ વેચવું હોય તો તે અનાજ લઈને કોઈ સોનીની પાસે જતો નથી પરંતુ અનાજના વેપારીના ત્યાં જ જાય છે. જો તેણે દાગીના ઘડાવવા હોય તો તે રૂપું લઈને કડિયાની પાસે નથી જતો પરંતુ સીધો સોનીની પાસે જ જાય છે.

**લુહારકે પાસ નહીં ખાટ ઘડાતા રે,**
**સુથાર પાસ નહીં કસોમા કડાતા રે.**

(હિદાયતનામા, બયાન-૧૨૬/૬)

માણસ લાકડાનો ખાટલો/પલંગ ઘડાવવા માટે

યઝીદે લોહી થકીએ મોંઘું કર્યું તું પાણીને રણ મહીં પણ,
ગણીને પાણી અલીના લાલે રૂધિર નિજનું વહાવી દીધું.



યઝીદ પર ત્યાં પ્રહારો લા'નત તણા પડે છે બધેથી 'શમશીર',
જનાબે ઝયનબ એક ખુત્બે જગતને જ્યારે જગાવી દીધું.

લુહારની પાસે જતો નથી પરંતુ સીધો સુથાર પાસે પહોંચી જાય છે અને ખેતરમાં ઊંડી ખેડ કરવા માટે વપરાતા હળના લોખંડના કસામાને ટીપાવવા માટે તે સુથારની પાસે જતો નથી પરંતુ લુહારની પાસે જ જાય છે.

**મોચીકે પાસ નહીં જામા સીલાતા રે,**
**દરજીકે પાસ નહીં પેજાર બનાતા રે.**
(હિદાયતનામા, બયાન-૧૨૬/૭)

માણસ પોતાનાં કપડાં સીવડાવવા માટે પગરખાં સીવનાર મોચીની પાસે જતો નથી પણ તે સીધો દરજીની પાસે જાય છે અને એવી જ રીતે તે પોતાનાં પગરખાં સીવડાવવા માટે દરજીની પાસે જતો નથી.

**ચામડીયાકે પાસ નહીં સરાણ ખીંચાતા રે,**
**સુરીયાકે પાસ નહીં ચમડા કુજાતા રે.**
(હિદાયતનામા, બયાન-૧૨૬/૮)

માણસ પોતાના છરી-ચપ્પાંની ધાર કઢાવવા માટે મરી ગયેલા ઢોરોની ચામડી ઉતારનાર ભાંભી પાસે જતો નથી પરંતુ તે માટે તે સરાણિયાની પાસે જ જાય છે અને એવી જ રીતે ચામડુ તૈયાર કરવા માટે સરાણિયાની પાસે જતો નથી પણ ચામડિયાની પાસે જાય છે.

**કામ દુનિયામાં કસબી દીખાતા રે,**
**ઓર કે ડેરે નાંહી ફિરતે જાતા રે.**
(હિદાયતનામા, બયાન-૧૨૭/૧૦)

આમ માણસ પોતાનાં દુન્યવી કાર્યો માટે જે તે કાર્યના નિષ્ણાંત પાસે, કસબી પાસે જ જાય છે. તે પોતાના કાર્યોની બજવણી માટે અન્ય લોકોના ઘરનાં બારણાં ખટખટાવતો નથી પરંતુ તે કાર્ય માટેની યોગ્ય વ્યક્તિનો જ સંપર્ક કરે છે.

પરંતુ હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલયહે) ફરમાવે છે કે માણસ દીનની બાબતમાં આનાથી ઉલટું કરે છે. તે દુનિયાની બાબતમાં જે કાર્યપધ્ધતિ અપનાવે છે તેવી કાર્યપધ્ધતિ દીનની બાબતમાં, સાચા ધર્મની શોધની બાબતમાં અપનાવતો નથી, જેમકે આપ ફરમાવે છે :

**દીનકું કાજે કયું નહીં ચાહો રે,**
**ગેર કસબીકું કહા બતાહો રે.**
(હિદાયતનામા, બયાન-૧૨૬/૧૧)

તમે જે કાર્યપધ્ધતિ દુન્યવી બાબતમાં અપનાવો છો તેવી જ કાર્યપધ્ધતિ ધર્મની બાબતમાં કેમ ઈચ્છતા નથી ? અને ધર્મનો સાચો રસ્તો બતાવવાનું બિન નિષ્ણાંત માણસને શા માટે કહો છો ?

ધર્મનો સાચો રસ્તો જાણવા માટે તો અલ્લાહ તઆલાએ જેમને આ કાર્ય માટે નિયુક્ત કર્યા છે એવા હાદીની પાસે-એવા રહેબરની પાસે જવું જોઈએ. દીનનો રસ્તો પૂછવા માટે તે કાર્ય માટેના બિનનિષ્ણાંત માણસ પાસે શા માટે જવું જોઈએ ? આવું કરવું એ તો દુન્યવી કાર્યપધ્ધિતથી બિલકુલ ઉલટી બાબત થઈ કહેવાય.

હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે) ફરમાવે છે :

**એ સબ કાજે દાવાકે કામ કરતા રે,**
**દીનકું ઢુંઢણ ઉલટા હો ફરતા રે.**
(હિદાયતનામા, બયાન-૧૨૬/૧૨)

માણસ દુનિયાનાં બધાં કામ કરવા માટે તો જે તે કાર્ય માટેની નિષ્ણાંત વ્યક્તિની પાસે જાય છે પરંતુ સાચા દીનની શોધ કરવા માટે ઉલટી ગંગા શા માટે ?

આપ આગળ ફરમાવે છે :

**ઉચ્ચ માન્યા સર્વથી અલ્લાહના એહકામને,**
**જાન આપીને વધારી શાનએ ઈસ્લામને,**
**ના કરી ઈચ્છા કદી ચમકાવવાની નામને,**
**ચિંતવન તારું હતું કે યશ મળે ઈસ્લામને.**

**કાં દુનિયાકું હો ડાયે કેલાહો, રે,**
**દીનકે કામમાં ઘેલે દેખાહો, રે.**

(હિદાયતનામા, બયાન-૧૨૬/૧૩)

હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે) ફરમાવે છે કે દુન્યવી કાર્યોની બાબતમાં તો તમે તમારી જાતને ખૂબ હોંશિયાર માનો છો અને પોતાને ચાલાક કહેવડાવો છો. પરંતુ જ્યારે દીનની બાબત આવે છે તો તમે સાવ પાગલ જેવા ગાંડા-ઘેલા કેમ દેખાઓ છો ?

ઉપરોક્ત ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે) દીનનો સાચો રસ્તો જાણવા માટે દીનના નિષ્ણાંત અને દીનનાં રહસ્યોને જાણનાર એવા હાદીની પાસે, એવા પીરની પાસે જવાનું ફરમાન કરે છે.

પરંતુ એ બાબત પણ એટલી જ સાચી અને મહત્વની છે કે હાદી પાસે, પીર પાસે ધર્મ અંગેનું માર્ગદર્શન મેળવવા જ જવું જોઈએ, દુન્યવી બાબતોનું નહીં. હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલયહે)ના મત પ્રમાણે જે તે કાર્યના નિષ્ણાંત પાસેથી જે તે વિષય અંગેનું માર્ગદર્શન મેળવવું જોઈએ અને તે નિષ્ણાંત માણસ જે સલાહ સૂચનો આપે અથવા માર્ગદર્શન આપે એ મુજબ વર્તવું જોઈએ. પરંતુ આપણી મોમિન જમાઅતમાં હાદીની બાબતમાં - પીરની બાબતમાં ઉલટી ગંગા વહેતી હોય એવું નથી લાગતું ? આપણે બધા મહદઅંશે તો દુન્યવી બાબતો અંગે માર્ગદર્શન મેળવવા માટે જ આપણા હાદીનો ઉપયોગ કરતા આવ્યા છીએ એવું નથી લાગતું ? હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે) ફરમાન કરે છે તેનાથી બિલકુલ ઉલટું, બિલકુલ વિપરીત. આપણામાંથી ખૂબ ઓછા લોકો એવા છે કે જે હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે)ના ફરમાન અનુસાર ધાર્મિક બાબતોનું માર્ગદર્શન મેળવવા માટે જ હાદીનો ઉપયોગ કરતા હશે.

હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે) ભારપૂર્વક ફરમાવે છે કે -

**પીર કરો દીન પુછન કાજા રે,**
**મત મન બુઝો ઓર ઈલાજા રે.**

(હિદાયતનામા, બયાન- ૭૪/૭)

દીનનો રસ્તો પૂછવા માટે, ધર્મ અંગેનું માર્ગદર્શન મેળવવા માટે જ પીર કરવા જોઈએ, બીજા કોઈ ઈલાજ માટે નહીં અર્થાત દુન્યવી કાર્યો માટે પીરને હેરાન કે પરેશાન કરવા જોઈએ નહીં. અલબત્ત દુન્યવી કાર્યોની સફળતા માટે પીરને દુઆ કરવા માટે અરજ કરી શકીએ કેમકે મુરીદ માટે તેના પીર દીન અને દુનિયાના બાદશાહ છે. જો કે પીરને દુઆ માગવાનું કહીએ કે ના કહીએ તો પણ હંમેશાં પોતાની જમાઅત માટે અલ્લાહ તઆલા સમક્ષ દુઆ માગતા જ રહેતા હોય છે.

હવે આપણે એ હકીકત ઉપર વિચાર કરીએ કે નાની નાની દુન્યવી બાબતોમાં અથવા તો નજીવી તકલીફ આવી પડે ત્યારે પીર સમક્ષ ફરિયાદ કરવી કેટલે અંશે ઉચિત છે ? હા, કોઈ મોટી આફત આવી પડી હોય કે બહુ મોટી બીમારીમાં સપડાઈ ગયા હોઈએ ત્યારે પીર સમક્ષ અરજ કરીએ તો તે અલગ બાબત છે પરંતુ સાવ સામાન્ય બાબત માટે પીર સમક્ષ ફરિયાદ કરવાનું ઉચિત જણાતું નથી.

આ બાબત હંમેશાં યાદ રાખીએ કે બીમારી,

**અય અલીના લાડલા, અય ઈમામ ઈબ્ને ઈમામ,**
**તુજ શહાદત ઝલઝલો પયદા કરે છે સુબ્હોશામ,**



**તે ઝમીને કરબલા ને તુજ શહાદત યા ઈમામ,**
**યાદ કરશે હશ્રતક ને ઝુકશે આલમ તમામ.**

દુઃખ અને તકલીફ પણ અલ્લાહ આપે છે અને શિફા, સુખ અને રાહત પણ અલ્લાહ તરફથી હોય છે. આ બધું કદાચ બંદાની કસોટી માટે પણ હોઈ શકે છે અથવા તો બંદાના દરજ્જામાં વધારો કરવા માટે પણ હોઈ શકે છે. બીમારી, દુઃખ, તકલીફ, વગેરે અલ્લાહ તરફથી આવેલું છે એવું સમજીને તેનો સ્વીકાર કરી લેવો જોઈએ, સબર કરી લેવો જોઈએ અને તેને સહન કરવાની શક્તિ માટે અલ્લાહ તઆલા સમક્ષ દુઆ માગવી જોઈએ.

વળી અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં એવું પણ ફરમાવે છે કે તે કોઈ પણ વ્યક્તિને તેના ગજા ઉપરાંત તકલીફ આપતો નથી. આ આયતને હંમેશાં નજર સમક્ષ રાખવી જોઈએ અને જ્યારે કોઈ મોટી આફત, બીમારી કે મુસીબત આવી પડે ત્યારે આપણે એવું સમજવું જોઈએ કે આ બધું સહન કરવાનું મારું ગજુ છે, શક્તિ છે તેથી તો અલ્લાહ તરફથી આ મુસીબત મારી ઉપર આવી છે. આ મુસીબત માટે પોતાને પસંદ કરવા બદલ અલ્લાહનો શુક્રિયા અદા કરવો જોઈએ.

અલ્લાહની મરજીમાં રાજી રહેવું એ મોમિનનું લક્ષણ છે. અલ્લાહની મરજીને આધીન બની જવું એ પયગમ્બરોની, ઈમામોની, અવલિયા અલ્લાહની અને રૂહાની રહેબરોની પરંપરા રહી છે. ઈમામ હુસૈન(અ.)નું દૃષ્ટાંત આપણી નજર સમક્ષ છે. કરબલાનો પ્રસંગ આપણને અલ્લાહની મરજીમાં રાજી રહેવાની અને દુઃખના સમયે સબર કરવાની પ્રેરણા અને શક્તિ પૂરી પાડે છે. જ્યારે કોઈ મુસીબત આવી પડે ત્યારે કરબલાવાળાઓની મુસીબતોની સરખામણીમાં આપણી મુસીબતોને સરખાવીશું તો આપણને સાવ વામણી અને નજીવી લાગશે અને આ રીતે આપણને મુસીબતોને સહન કરવાની ટેવ પડી જશે, શક્તિ મળી જશે.

બીમારી પછીની તંદુરસ્તીની, દુઃખ પછી આવતા સુખની, મુસીબત પછી આવતી રાહતની મજા જ કંઈક ઓર હોય છે. આ બાબતનો તો જેણે અનુભવ કર્યો હોય તેને જ ખબર પડે.

અંતમાં, ઉપર દર્શાવ્યા મુજબની કેટલીક વાસ્તવિકતાઓનું આપણે જે સત્યદર્શન કર્યું એ બાબતો ઉપર વિચાર કરીને આપણે બધા તેના ઉપર અમલ કરીએ તો હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલયહે)ની મહેનત સાર્થક થયેલી ગણાશે. અલ્લાહ તઆલા આપણ સૌને આ હકીકતને સમજવાની અને તેના ઉપર અમલ કરવાની શક્તિ અર્પણ કરે, આમીન. *


**એસ. એસ. મોમિન** મો. ૯૪૨૭૪૦૦૪૨૯
(સદીકપુરવાળા) મો. ૯૩૨૭૫૯૮૪૯૫



# કિસાન
## હાર્ડવેર સ્ટોર્સ

લગ્નની પેટીઓ, પાઈપના ખાટલા, ઔણ, પ્લાસ્ટીક તથા લોખંડના તગારા, બાલ્ટીઓ, પ્રાણીઓના માંચડા, સાંકળ તેમજ ખેતીવાડી ઉપયોગી તમામ સાધનો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**જી-૧૫, રીગલ શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડની બાજુમાં, વડનગર.**


***જુલ્મની એડી તળે ઈન્સાનિયત મરતી હતી,***
***ને જગતમાં ફખ્રથી જાહેલિયત ફરતી હતી,***
***જ્યાં હરણ ફાળો સદા હેવાનિયત ભરતી હતી,***
***ગર્વના અંધકારમાં શયતાનીયત તરતી હતી.***

ભાગ-૩

## બોધ વચનો અને ઉપદેશો

હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)

**(૭૭) ઝરારનું બયાન :**

ઝરાર બિન હમઝા ઝબાઈ મુઆવિયાના દરબારમાં હાજર થયા તો તેણે અમીરુલ મોમિનીન(અ.)ના વિશે પૂછ્યું, ઝરારે કહ્યું કે મેં પંડે પોતાની આંખે જોયું છે કે રાતના અંધકારમાં મહેરાબમાં ઊભા રહી, દાઢી મુબારકને હાથમાં લઈને એવી રીતે તડપતા હતા કે જેવી રીતે સાપે કરડેલો માણસ તરફડે છે અને કોઈ દુઃખી કલ્પાંત કરે છે અને ફરમાવ્યા કરતા હતા :

'અય દુનિયા ! અય દુનિયા ! દૂર હટ મારાથી. તું મારી સામે બની ઠનીને આવી છે કે ખરેખર મારી આશિક બનીને આવી છે ? ખુદા એ સમય ન લાવે કે તું મને દગો દઈ શકે. જા, મારા સિવાય કોઈ અન્યને દગો દે મારે તારી જરૂર નથી. હું તને ત્રણ વખત તલાક દઈ ચૂક્યો છું, જેના પછી રજૂ થવાની કોઈ શક્યતા નથી. તારી જિંદગી ઘણી અલ્પ છે અને તારી હેસિયત ઘણી મામૂલી છે અને તારી આશા ઘણી તુચ્છ વસ્તુ છે.'

'હાય, વાટખર્ચી કેટલી અલ્પ છે ! રસ્તો કેટલો બધો લાંબો છે ! પડાવ કેટલો બધો દૂર છે અને ઉતરવાની જગ્યા કેટલી બધી ખતરનાક છે!'

**(૭૮) પ્રારબ્ધ અને નિર્માણ :**

એક શામી પુરૂષે સવાલ કર્યો કે શું આપનું શામ ભણી જવું પ્રારબ્ધ અને નિર્માણ (કઝા અને કદર મુજબ) હતું ? (જો એમ હતું તો સમજો કોઈ અજર અને સવાબ ન મળ્યો.) તો આપે ફરમાવ્યું, કદાચ તારું ધારવું એમ છે કે તેનાથી મુરાદ કઝાએ લાઝિમ - અફર હુકમ અને કદરે હતમી - છેવટનો નિર્ણય છે કે જેના થકી અઝાબ અને સવાબ બેકાર થઈ જાય છે અને વાયદા વચન વ્યવસ્થા સ્થગિત થઈ જાય છે, એવું હરગીઝ નથી. પરવરદિગારે પોતાના બંદાઓને હુકમ આપ્યો છે તો તેના અખત્યારની સાથે અને મનાઈ કરી છે તો તેમને ડરાવવા સાથે તેણે આસાન તકલીફ આપી છે અને કોઈ શ્રમમાં નથી નાખ્યા. થોડા અમલ પર ઘણો બધો અજર આપ્યો છે અને તેની નાફરમાની એટલા માટે નથી થતી કે તે છવાઈ ગયો છે અને ઈતાઅત (આજ્ઞાપાલન) એટલે નથી થતી કે તેણે મજબૂર કરી દીધો છે. તેણે નબીઓને ન તો રમત કરવા મોકલ્યા હતા કે ન કિતાબને અમસ્થી ઉતારી છે કે ન તો જમીન અને આસમાન અને તેની વચ્ચેની મખ્લૂકને બેકાર પેદા કરી છે. આ માત્ર કાફરોની કલ્પના છે અને કાફરોના માટે જહન્નમમાં વ્યલ છે.'

(અંતમાં ચોખવટ કરી કે કઝા હુકમના અર્થમાં છે અને આપણે તેના હુકમથી ગયા હતા ન કે જબરદસ્તી કે કમને.)

**(૭૯) ડહાપણનું મોતી :**

હિકમત (ડહાપણ)ની વાત જ્યાં પણ મળી જાય લઈ લો કેમકે આવી વાત જો મુનાફિકના દિલમાં દબાયેલી હશે તો તે ત્યાં સુધી બેચેન રહેશે

એ સખત વખતે વસાવી કરબલા તેં લાજવાબ,
ને બધા પાશવબળો સામે પુકાર્યો ઈન્કેલાબ,
જાન દઈ અર્પણ કરી ઈસ્લામને તેં નવહયાત,
તુજ અનુપમ સબ્ર પર કુરબાન છે કુલ કાએનાત.

જ્યાં સુધી તે નીકળી ન જાય અને મોમિનના દિલમાં જઈને બીજી શાણી વાતો સાથે મળીને ખુશ થઈ જશે.

**(૮૦) ડહાપણની મૂડી :**

હિકમત મોમિનની ખોવાયેલી દોલત છે એટલે જ્યાં પણ મળે લઈ લેવી જોઈએ ચાહે તે મુનાફિક પાસેથી જ કેમ ન મળે.

**(૮૧) ઈન્સાનની કિંમત અને કદર :**

દરેક ઈન્સાનનો ભાવતાલ એ જ નેકીઓ છે કે જે તેનામાં મળી આવે છે.

**(૮૨) પાંચ નસીહતો :**

હું તમને એવી પાંચ વાતોની ભલામણ કરું છું કે જેને મેળવવા માટે ઊંટોને એડી મારીને દોડાવવામાં આવે તો પણ તેને માટે યોગ્ય છે.

ખબરદાર ! તમારામાંથી કોઈ શખ્સ અલ્લાહ સિવાય કોઈથી આશા ન રાખે અને પોતાના ગુનાહો સિવાય કોઈથી ન ડરે અને જ્યારે કોઈ ચીજના વિશે પ્રશ્ન પૂછવામાં આવે અને ન જાણતો હોય તો ન જાણવાનો સ્વીકાર કરવાથી શરમાય નહીં અને જો નથી જાણતો તો શીખવામાં કોઈ શરમ ન રાખે અને ધીરતા, સહનશીલતા ગ્રહણ કરે કેમકે ધીરતા ઈમાન માટે એવી જ છે જેવું બદનના માટે મસ્તક અને દેખીતું છે કે એ બદનમાં કોઈ સારપ નથી કે જેમાં મસ્તક ન હોય અને એ ઈમાનમાં કોઈ સારાવાટ (ઈષ્ટ પરિણામ) નથી કે જેમાં ધીરજ નથી.

**(૮૩) ગુમાન :**

આપે એ શખ્સને ફરમાવ્યું કે જે આપનો શ્રધ્ધાળુ તો નહોતો પણ આપની અત્યંત પ્રશંસા કરતો હતો : 'હું તારા બયાન કરતાં કમતર છું પરંતુ તારા વિચાર (માન્યતા) થી ઉચ્ચતર છું.'

(અર્થાત : જે તેં મારા વિશે કહ્યું તેમાં અતિશયોક્તિ છે પરંતુ મારા વિશે જે અકીદો રાખે છે તે મારી હેસિયતથી ઘણો ઓછો છે.)

**(૮૪) તલવાર :**

તલવારથી બચેલા લોકો વધારે જીવે છે અને તેમની ઔલાદ પણ વધારે હોય છે.

**(૮૫) સર્વજ્ઞતા :**

જેણે અજાણપણાનો સ્વીકાર છોડી દીધો તે ક્યાંકને ક્યાંક માર ખાઈ જશે.

**(૮૬) મોટાઓથી મશ્વેરો :**

વૃધ્ધની રાય (અભિપ્રાય) યુવાનની

### ઉર્વા ગિફ્ફારીનો જવાબ

ઉર્વા ગિફ્ફારી(રઝી.)

હઝરત રિસાલત મઆબ(સ.)ના વયોવૃધ્ધ સહાબી.

ઉર્વા ગિફ્ફારી ઈમામ હુસૈન(અ.) ઉપર પોતાનો જીવ ન્યોછાવર કરવા માટે જીવતા હતા. તેઓ ઉમર સાઅદના તંબુમાં ગયા પણ તેમણે તેને સલામ ન કરી.

ઉમર સાઅદે ઉર્વા ગિફ્ફારીને કહ્યું,

'તમે મને લશ્કરના સરદાર તરીકે નહીં, પરંતુ એક મુસલમાન તરીકે સલામ કરી હોત તો...?'


ઉર્વા તરફથી જવાબ મળ્યો,

**'મુસલમાન તો તે છે કે જેના હાથો વડે અને જીભ વડે કોઈ મુસલમાનને કદીયે દુ:ખ અને હાનિ પહોંચે નહીં.'**

ઉર્વાને કતલ કરી દેવામાં આવ્યા પરંતુ આ મરનાર એક જ વાક્યમાં ઈસ્લામી જીવનનો ઉત્તમ સિધ્ધાંત બતાવી ગયો.

ઈમામ હુસૈન(અ.)ની અઝાદારી કરનારા આપણે પણ એવા બની શકીએ તેમ છીએ. આપણો એક શબ્દ પુસ્તકોને અને એક ઝણઝણાટ આખા લશ્કરને ભારે પડી શકે તેમ છે.

**તેં બતાવ્યું જુલ્મ સામે ન્યાય ને નિતી ટકે,**
**બોત્તેર જણ પણ લાખ સામે યુધ્ધમાં જીતી શકે,**



**તેં બતાવ્યું ભૂખ તરસ એ મર્દના ફુલહાર છે,**
**ને બધા દુ:ખ દર્દ સાચા મર્દના શણગાર છે.**

હિંમતથી વધારે પ્યારી હોય છે - અથવા વૃધ્ધની રાય જવાનના ખતરામાં અડીખમ રહેવાથી વધારે ઈચ્છવા યોગ્ય છે.

**(૮૭) ઈસ્તગફાર :**

મને એ શખ્સની સ્થિતિ પર આશ્ચર્ય થાય છે જે તૌબા (ઈસ્તેગફાર)ની શક્તિ તો રાખે છે છતાં ખુદાથી નિરાશ થઈ જાય છે.

**(૮૮) એક સુક્ષ્મ સાર :**

ઈમામ મોહંમદ બાકિર(અ.)એ આપની આ અમૂલ્ય વાણીની નકલ કરી છે : 'ધરતી પર ખુદાના અઝાબથી બચાવનારાં બે સાધનો હતાં. એકને પરવરદિગારે ઉપાડી લીધા છે (ઈસ્લામના પયગમ્બર(સ.)ને) એટલે બીજાને વળગી રહો. અર્થાત ઈસ્તેગફાર કેમકે કાએનાતના ધણીએ ફરમાવ્યું છે કે ખુદા ત્યાં સુધી તેઓ પર અઝાબ નહીં કરે કે જ્યાં સુધી આપ મોજુદ છો અને ત્યાં સુધી અઝાબ કરવાવાળો નથી કે જ્યાં સુધી એ ઈસ્તેગફાર કરી રહ્યા છે.'

**(૮૯) અલ્લાહથી સદ્‌વ્યવહાર :**

જેણે પોતાના અને ખુદાની વચ્ચેના મામલાઓ ઠીક કરી લીધા, અલ્લાહ તેના અને લોકો વચ્ચેના મામલા ઠીક કરી દેશે અને જે આખેરતનાં કામ સુધારી લેશે, અલ્લાહ તેનાં દુનિયાનાં કામ ઠીક કરી દેશે અને જે પોતાની જાતને શિખામણ આપશે, અલ્લાહ તેના રક્ષણની વ્યવસ્થા કરી દેશે.

**(૯૦) પૂરું જ્ઞાન :**

દીનનો સંપૂર્ણ આલિમ એ છે કે જે લોકોને અલ્લાહની રહેમતથી હતાશ ન કરે અને તેની મહેરબાનીઓથી નિરાશ ન કરે અને તેના અઝાબની તરફ સંતોષી ન બનાવે.

**(૯૧) હૃદય ભગ્નતા :**

આ દિલ એવી જ રીતે કંટાળી જાય છે કે જેવી રીતે શરીર કંટાળે છે એટલે તેના માટે નવી નવી સુક્ષ્મ ચતુરાઈઓ શોધો.

**(૯૨) અમલ વગરનું ઈલ્મ :**

સૌથી તુચ્છ ઈલ્મ એ છે કે જે માત્ર જીભ પર રહી જાય અને સૌથી વધુ મૂલ્યવાન ઈલ્મ એ છે કે જે અંગો ઉપાંગોથી પ્રદર્શિત થાય.

**(૯૩) ફિત્નાની તફસીર :**

ખબરદાર ! કોઈ શખ્સ એમ ન કહે કે અય ખુદા ! હું ફિત્નાથી તારી પનાહ માગું છું કેમકે કોઈ પણ શખ્સ ફિત્નાથી અલગ નથી થઈ શકતો. જો પનાહ માગવી છે તો તે ફિત્નામાંથી ભટકવાથી પનાહ માગો એટલા માટે પરવરદિગારે માલ અને અવલાદને પણ ફિત્નો ગણાવ્યો છે અને તેનો અર્થ એ છે કે તે માલ અને અવલાદ દ્વારા કસોટી કરવા માગે છે જેથી આમ રોઝીથી નારાજ રહેનારો ભાગ્ય પર રાજી રહેવાવાળાથી અલગ થઈ જાય જ્યારે કે તે તેમના સંબંધમાં પોતે તેમનાથી વધારે જાણે છે પરંતુ ઈચ્છે છે કે આ આમાલ જાહેર થઈ જાય જેનાથી ઈન્સાન સવાબ અથવા અઝાબનો હકદાર થાય છે કેમકે અમુક લોકો દીકરો ચાહે છે, દીકરી નહીં. અને અમુક માલના વધારાને દોસ્ત રાખે છે અને તંગદસ્તીને ખરાબ સમજે છે. (ક્રમશઃ)


**ઈસ્લામી કવીઝ નં. ૧૧૦ના જવાબો**

(૧) ઈદે મબઉસ કહેવાય છે. (૨) ઊંઘી જવાથી (૩) બયતુલહરામ (૪) કઝા (૫) મુસ્તહબ (૬) હુરમલા (૭) બપોરે

**G. K. Corner Solution 101**

(૧) તેલંગાણા (૨) મોરારજી દેસાઈ (૩) રશિયા (૪) ગુરૂ (૫) અકબર (૬) અમદાવાદ-વડોદરા (૭) અમૃતસર

**તેં બતાવ્યું કે કદી લૂંટાઈ જાએ તખ્તોતાજ,**
**પણ ખુદાને વિસરી બંદો ન છોડી દે નમાઝ,**



**તેં બતાવ્યું કે કદી જાહેલિયત ટકતી નથી,**
**લાખ આફતમાં કદી ઈન્સાનિયત હટતી નથી.**



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૬

બહુઝૂર અમીરૂલ મોમિનીન હઝરત અલી(અ.)

| | |
|---|---|
| دل عزادارکا رو اُٹھّے، سلام ایسا ہو | **દિલ અઝાદારકા રો ઊઠે, સલામ ઐસા હો,** |
| جس سے پتھر بھی پگھل جائے کلام ایسا ہو | **જીસસે પત્થર ભી પિગલ જાએ, કલામ ઐસા હો.** |

(અઝાદારનું હૈયું રડી ઊઠે (લાગણીઓ ઉત્તેજિત થઈ જાય) એવી સલામ હોવી જોઈએ. જેને સાંભળીને પથ્થર પણ પીગળી જાય એવી વાણી હોવી જોઈએ.)

| | |
|---|---|
| دل کی رگ رگ میں سما جائے ولائے حیدر | **દિલકી રગ રગમેં સમા જાએ વિલાએ હૈદર,** |
| میرے ساقی! ترے میخانے میں جام ایسا ہو | **મેરે સાકી ! તેરે મયખાનેમેં જામ ઐસા હો.** |

(હૃદયની એકે એક નસમાં મૌલા અલી(અ.)ની પ્રેમ-ભક્તિ સમાઈ જાય, એવો અય મારા સાકી ! તારા મદિરાલયનો પ્યાલો હોવો જોઈએ.)

| | |
|---|---|
| ہاتھ میں تیغ ہو، اور وردِ زباں نامِ علیؑ | **હાથમેં તેગ હો ઔર વિર્દે ઝબાં નામે અલી,** |
| چُھٹ نہ پائے کبھی دشمن، تہِہ دام ایسا ہو | **છૂટ ન પાએ કભી દુશ્મન, તહે દામ ઐસા હો.** |


(હાથમાં તલવાર હોય અને જીભ ઉપર હઝરત અલી(અ.)ના નામનું રટણ હોય, દુશ્મન કદી ફંદામાંથી છટકવા ન પામે એવી જાળ હોવી જોઈએ.)

| | |
|---|---|
| نام اجدادکا روشن ہو جہاں میں جس سے | **નામ અજદાદકા રૌશન હો જહાંમેં જીસસે,** |
| نیک ہو اپنا عمل، جو بھی ہو کام، ایسا ہو | **નેક હો અપના અમલ, જો ભી હો કામ ઐસા હો.** |

(જેનાથી બાપદાદાઓનું નામ દુનિયામાં રોશન થાય એવું નેક આપણું આચરણ હોવું જોઈએ અને જે કાર્ય કરીએ તે પણ એવું નેક જ હોવું જોઈએ.)

| | |
|---|---|
| میرے کردار میں وہ سوز دروں ہو پیدا | **મેરે કિરદારમેં વો સોઝે દરૂં હો પયદા,** |
| جو دہی آقا مرے کہہ اُٹھّیں غلام، ایسا ہو | **ખુદ હી આકા મેરે કેહ ઊઠે ગુલામ ઐસા હો.** |

**તું ખપ્યો તુજ ઘર ખપ્યું કુરબાન જ્યાં તુજ બાલુડાં,**
**અંકાય એનું મૂલ્ય શું આજે ફક્ત બે આંસુડાં ?**



**દિલની આંખોથી અગર તારી શહાદત ઝાંખતે !**
**અફસોસ તો આ અવદશા ઈસ્લામીઓની ના થતે.**

(મારા આચરણ (વ્યક્તિત્વ)માં એવી અંતઃકરણપૂર્વકની બળતરા (હાર્દિક જલન) પેદા થાય કે ખુદ મારા આકા (હઝરત અલી(અ.)) એવું બોલી ઊઠે કે ગુલામ (દાસ) હોય તો આવો હોય.)

پاؤں سے تیر کھنچا، شہ کو خبر بھی نہوئی
**પાઉંસે તીર ખીંચા શેહકો ખબર ભી ન હુઈ,**

سجدہ ایسا ہو، رکوع ایسا، قیام ایسا ہو
**સિજદા ઐસા હો, રૂકૂઅ ઐસા હો, કયામ ઐસા હો.**

(નમાઝની હાલતમાં પગમાંથી તીર ખેંચી કાઢવામાં આવ્યું તો પણ મારા બાદશાહ (હઝરત અલી(અ.))ને ખબર સુધ્ધાં પણ ન પડી. સિજદો પણ એવો હોવો જોઈએ, રૂકૂઅ પણ એવું હોવું જોઈએ અને કયામમાં પણ એવી જ તલ્લીનતા હોવી જોઈએ.)

لب سے نکلے جو سخن، ہو وہی اسمِ اعظم
**લબસે નીકલે જો સુખન હો વો હી ઈસ્મે આઝમ,**

عام ہو جائے زمانے میں پیام ایسا ہو
**આમ હો જાએ ઝમાનેમેં પયામ ઐસા હો.**

(હોઠોમાંથી જે શબ્દો નીકળે તે જ શબ્દો ઈસ્મે આઝમ (મહામંત્ર) બની જાય અને તે જમાનામાં પણ સર્વવ્યાપક બની જાય તેવો (જીવન) સંદેશ પણ હોવો જોઈએ.)

سُننے والوں کو نہ کچھ ہوش رہے اپنا ظہیرؔ
**સુનનેવાલોંકો ન કુછ હોશ રહે અપના 'ઝહીર',**

محویت طاری رہے، سحرِ کلام، ایسا ہو
**મહ્‌વિયત તારી રહે, સેહરે કલામ ઐસા હો.**

(અય 'ઝહીર'! જે સાંભળનારા હોય તેમને પોતાના હોશ કોશ બાકી ન રહે અને તલ્લીનતા છવાયેલી રહે એવી જાદૂઈ અસર વાણીમાં હોવી જોઈએ.) *

## કૈસની સંદેશો પહોંચાડવાની રીત

ઈમામ હુસૈન(અ.)નો કાસિદ કૈસ ઈબ્ને મસહર સયદાવી જે કુફાવાસીઓ માટે પત્ર લાવ્યો હતો, તેને પકડીને ઈબ્ને ઝિયાદ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

ઈબ્ને ઝિયાદનો હુકમ થયો,

'અય કૈસ ! મહેલની છત ઉપર ચઢીને હુસૈનની બૂરાઈ કરો તો તમને માફી આપવામાં આવશે.'


કૈસ છત ઉપર ચઢી ગયો અને ભાષણની શરૂઆત કરી,

**'હુસૈન(અ.) સંસારમાં મહાન વિભૂતિ છે. તેમની તાબેદારી કરો.'**

આ બહાદુર પુરૂષને મહેલના છત ઉપરથી નીચે ફેંકી દઈને મારી નાખવામાં આવ્યો. પત્ર પહોંચી શક્યો નહીં પરંતુ સંદેશો કેવી યુક્તિથી લોકો સુધી પહોંચાડી દીધો ! તેણે પોતાની ફરજ અદા કરીને જીવ અર્પણ કરી દીધો.

હુસૈન(અ.)ના આ જાંનિસારે ફરજની મહત્તા દેખાડી દીધી.

**શુજાઅત જેની ચોખટ પર નમે છે નિત્ય આવીને,**
**ને જેની વીરતા જગમાં રહી હલચલ મચાવીને.**



**નમ્યો ના પણ રહ્યો જે જુઠને આખર નમાવીને,**
**બચ્યો ના, પણ રહ્યો જે દીનને આખર બચાવીને.**

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)


### પ્રકાશની જાફરી થીઅરી અને બીમારી

જે વિચારો ઈમામ જાફર સાદિક(અ.)ની વૈજ્ઞાનિક સિધ્ધિઓનો પુરાવો આપે છે તેમાં કેટલાક પ્રકાશ વડે બીમારીનો ફેલાવો પણ છે. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે કેટલાંક એવાં કિરણો છે કે જે કોઈ બીમાર માણસ પરથી કોઈ તંદુરસ્ત માણસ ઉપર પડે તો શક્ય છે કે તે કિરણો તંદુરસ્ત માણસને બીમાર કરી દે. અહીં એ વાતને ધ્યાનમાં રાખવી જરૂરી છે કે હવામાન અથવા કિટાણું વડે ફેલાવાની વાત નથી થઈ (કારણ કે બીજી સદી હિજરીની શરૂઆતમાં લોકો આ વાત જાણતા ન હતા) બલ્કે કિરણો વિશે વાત થઈ રહી છે તે પણ બધાં કિરણો વિશે નહીં, ફક્ત કેટલાક પ્રકારનાં કિરણો વિશે કે જે એક બીમાર માણસમાંથી એક તંદુરસ્ત માણસ ઉપર પડે તો શક્ય છે કે તેને પણ બીમાર કરી દે.

પ્રાણીશાસ્ત્ર **(Zoology)**ના નિષ્ણાંતો તથા ડોકટરોએ આ વિચારને વાહિયાત ગણાવેલો કારણ કે તેઓ માનતા હતા કે કોઈ બીમાર માણસથી તંદુરસ્ત માણસ સુધી બીમારી ફેલાવાનું કારણ બેકટેરીયા કે વાયરસ જ હોય છે પછી ભલે ને તે બીમારી કીડા મકોડા અથવા પાણી અથવા હવા વડે ફેલાય અથવા તો બે (બીમાર કે તંદુરસ્ત) માણસોના સીધા સંપર્ક વડે ફેલાય. બેકટેરીયા અને વાયરસના અસ્તિત્વની શોધ પહેલાં એવું માનવામાં આવતું હતું કે બીમારીઓના ફેલાવાનું કારણ ગંધ છે અને પ્રાચીન જમાનામાં બીમારીઓને ફેલાવાથી રોકવા માટે બધાં પગલાં ગંધને રોકવા માટે લેવામાં આવતાં હતાં કે જેથી કોઈ બીમાર માણસની બીમારી ગંધ વડે કોઈ તંદુરસ્ત માણસ સુધી ના પહોંચે અને તેને બીમાર ન કરી દે. કોઈએ કદીય પણ એવું નથી કહ્યું કે કેટલાંક કિરણો એવાં હોય છે કે જે બીમાર માણસથી તંદુરસ્ત માણસ ઉપર પડે તો તેને બીમાર કરી દે છે. ફક્ત ઈમામ જાફર સાદિક(અ.) જ એવા માણસ હતા કે જેમણે આવું ફરમાવ્યું છે.

અમે અગાઉ વર્ણન કર્યું તેમ આ વિચારને વૈજ્ઞાનિકોએ વાહિયાત ગણાવ્યો હતો. પરંતુ આધુનિક વૈજ્ઞાનિક સંશોધને આ વાત સાબિત કરી દીધી છે કે આ વિચાર સત્ય ઉપર આધારિત છે. અને જો કેટલાંક કિરણો કોઈ બીમાર માણસથી કોઈ તંદુરસ્ત માણસ ઉપર પડે તો તેને ખરેખર બીમાર કરી દે છે. રશિયામાં પહેલી વખત આ હકીકતને શોધી

રહું છું એ અલીના લાલને દિલમાં સમાવીને,
જીવું છું એના ગમની યાદમાં આંસુ વહાવીને.



ખપ્યા સૌ સાથીઓ સાથે અઝીઝો જંગે કરબલમાં,
ગયો અબ્બાસ જેવો ભાઈ પણ હાથો કપાવીને.


લેવામાં આવી. રશિયાના શહેર નોવોસીબીર્સ્ક* **(Novosibirsk)**માં કે જે રશિયાના મેડીકલ સાયન્સ, રસાયણશાસ્ત્ર અને બાયોલોજીના મહાન કેન્દ્રોમાંથી એક છે. ત્યાં આ વાતનો પૂરાવો મળી ચૂક્યો છે કે પહેલાં બીમાર માણસના કોષમાંથી કિરણો નીકળે છે અને પછી જેવાં આ કિરણો તંદુરસ્ત માણસના કોષ ઉપર પડે છે કે તરત જ તેને બીમાર કરી દે છે પછી ભલે ને બીમાર માણસ અને તંદુરસ્ત માણસના કોષો જરા ય સંપર્કમાં આવ્યા ન હોય અને ન તો બીમાર માણસના કોષમાંથી બેકટેરીયા કે વાયરસ નીકળીને તંદુરસ્ત માણસના કોષમાં પ્રવેશ્યા હોય. નોવોસીબીર્સ્કના વૈજ્ઞાનિકો કે જેઓ સંશોધનમાં વ્યસ્ત હતા તેમની પધ્ધતિ એ હતી કે એક જ સજીવ અવયવ(દા.ત. હ્રદય કે કિડની)માંથી કોષ જુદા કરવામાં આવે અને તેમને એક બીજાથી અલગ કરીને બે ભાગમાં વહેંચી દેવામાં આવે અને તેમણે જોયું કે એ કોષના કેટલાક પ્રકાશમાંથી ફોટોન **(photon)** નીકળી રહ્યા છે. (અમે અગાઉ કહી ચૂક્યા છીએ તેમ પ્રકાશના એક કણને ફોટોન કહેવામાં આવે છે) અને આજે કિરણો ઉપર સંશોધન એટલું બધું વિસ્તાર પામી ચૂક્યું છે કે એક ફોટોન ઉપર પણ સંશોધન થઈ શકે છે.

વૈજ્ઞાનિકોએ બીજા ભાગના તંદુરસ્ત કોષો લઈને બે સુરક્ષિત ડબ્બાઓમાં મૂકી દીધા જેમાંથી એક ડબ્બો સિલિકા* **(Silica)**નો બનેલો હતો અને બીજો ડબ્બો કાચનો બનેલો હતો. સિલિકાની વિશેષતા એ છે કે તેમાંથી અલ્ટ્રાવાયોલેટ કિરણો **(Ultra Violet Rays)** સિવાય કોઈ કિરણ નીકળી શકતું નથી અને સામાન્ય કાચમાં એ વિશેષતા છે કે તેમાંથી અલ્ટ્રાવાયોલેટ કિરણો સિવાય બધાં કિરણો નીકળી શકે છે. કેટલાક કલાક માટે બીમાર કોષના કિરણો સિલિકા અને કાચમાં રાખેલા કોષ પર નાખવામાં આવ્યાં તો ખબર પડી કે સિલિકાના ડબ્બામાં સુરક્ષિત કોષ બીમાર થઈ ગયા છે. પરંતુ એ તંદુરસ્ત કોષ કે જે કાચમાં મૂકવામાં આવ્યા હતા તે બીમાર થયા નહીં એટલા માટે કે સિલિકામાંથી અલ્ટ્રાવાયોલેટ કિરણો સિવાય કોઈ અન્ય કિરણો પસાર થઈ શકતાં નથી માટે એ જ કિરણોએ તંદુરસ્ત કોષ સુધી પહોંચીને તેમને બીમાર કર્યાં છે પરંતુ કાચમાંથી અલ્ટ્રાવાયોલેટ કિરણો સિવાય બધાં જ કિરણો પસાર થઈ શકે છે અને એટલા માટે કે એ કિરણો તંદુરસ્ત કોષ પર પડ્યાં નથી એટલે તે તંદુરસ્ત જ રહ્યા અને બીમાર થયા

* જૂના જમાનામાં આ શહેર નોવોનીકોલાયેવ્સ્ક **(Novonikolayevsk)** ના નામથી ઓળખાતું હતું જ્યારે કે ઈ.સ. ૧૯૨૫માં તેનું નામ બદલી લેવામાં આવ્યું અને આજે આ શહેર સાઈબીરીયા રશિયાના મોટા ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક કેન્દ્રોમાંથી એક છે. ઈંગ્લેન્ડના ભૌગોલિક કેન્દ્ર પ્રમાણે ઈ.સ. ૧૯૨૩માં આ શહેરની વસ્તી ગણતરી કરવામાં આવી અને આ શહેરની વસ્તી નવ લાખ નેવું હજાર હતી અને એ વાતની ઘણી સંભાવના છે કે આજે આ વસ્તી વધી ચૂકી હશે.

* સિલિકા એક ખનીજ પદાર્થ છે કે જે ખાસ કરીને રશિયાના યુરાલ પહાડો ઉપર વધારે મળે છે. તેનો એક પ્રકાર કે જે વધારે ચમકદાર હોય છે તેને યુરાલના હીરાનું નામ આપવામાં આવ્યું છે.

**બધી કુરબાનીઓ દઈ બાખુશી શબ્બીર અંતરથી,**
**બજાવે છે શુકર અલ્લાહનો ગરદન ઝુકાવીને.**



**યઝીદી સૈન્યથી ત્યાં નાદ ગુંજ્યોઃ 'છે કોઈ બાકી',**
**અલીનો લાલ ત્યાં પડકાર દે છે રણમાં આવીને.**

નહીં. યાદ રહે કે તંદુરસ્ત કોષ ઉપર પડવાવાળાં તમામ કિરણો બીમાર કોષમાંથી નીકળ્યાં છે પરંતુ એટલા માટે કે તંદુરસ્ત કોષ કાચમાં સુરક્ષિત હતા એટલે બીમાર કોષથી નીકળેલાં અલ્ટ્રાવાયોલેટ કિરણોના પ્રભાવમાં આવ્યાં નહીં માટે કોષ સલામત રહ્યા. વિવિધ બીમારીઓ અને એકસમાન અથવા વિવિધ પ્રકારના કોષો પર વીસ વર્ષ દરમિયાન પાંચ હજાર વખત ફરી ફરીને આ પ્રયોગ કરવામાં આવ્યો. નોવોસીબીર્સ્કના સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકો ઈચ્છતા હતા કે આ પ્રયોગના પરિણામમાં જરા ય શંકા કુશંકા રહેવા ન પામે. પાંચ હજાર વખત કરેલા આ પ્રયોગનું પરિણામ એક જ હતું અને તે એ કે બીમાર કોષ અલ્ટ્રાવાયોલેટ કિરણો સહિત બધાં કિરણો કાઢે છે અને બીજું એ કે જ્યારે પણ તંદુરસ્ત કોષ બીમાર કોષથી નીકળનારાં અલ્ટ્રાવાયોલેટ કિરણો(કોઈ બીજા કિરણો નહીં)ની અસરમાં આવે છે તો બીમાર થઈ જાય છે અને તેમને એ જ બીમારી લાગુ થઈ જાય છે કે જે બીમાર કોષમાં હોય છે.

આ પ્રયોગ કે જેને પૂરો કરવામાં વીસ વર્ષ લાગ્યાં તે સમય દરમિયાન તંદુરસ્ત અને બીમાર કોષ કોઈ પણ પ્રકારના સંપર્કમાં આવ્યાં જ ન હતાં કે જેથી કદાચ એવી શંકા પેદા થાય કે વાયરસ અથવા બેકેટેરીયા એક પ્રકારના કોષમાંથી બીજા પ્રકારના કોષ સુધી પહોંચી ગયા હશે અને પાંચ હજાર પ્રયોગો વડે આ વાત સાબિત થઈ ગઈ કે તંદુરસ્ત કોષમાં બીમારી પેદા કરવાનું કારણ અલ્ટ્રાવાયોલેટ કિરણો જ છે કે જે બીમાર કોષમાંથી નીકળીને તંદુરસ્ત કોષ ઉપર પડે છે. જો બીમાર માણસના કોષમાંથી નીકળનારાં કિરણોને કોઈ પણ રીતે રોકી દેવામાં આવે તો તંદુરસ્ત કોષ બીમાર થશે નહીં અને એન્ટિબાયોટિક **(Antibiotic)** દવાઓ (કે જે બેકટેરીયા કે વાયરસને મારે છે) તેમની વિશેષતા એ પણ છે તે બીમાર શરીરમાંથી નીકળનારાં અલ્ટ્રાવાયોલેટ કિરણોની તીવ્રતાને પણ ઘટાડે છે એટલે સુધી કે એ કોષમાંથી નીકળનારાં કિરણો એટલાં ઓછાં અસરકારક થઈ જાય છે કે તે વધારે નુકસાન પહોંચાડી શકતાં નથી. (ક્રમશઃ)




**ખાદિમહુસૈન રહીમભાઈ શેલીયા (સરોળી)** (કાકોશીવાળા)

**B.Com., L.L.B.**
**Mo. 9925876440**

*શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના તમામ ભાઈ-બહેનોને જાણ કરવામાં આવે છે કે પાક પરવરદિગાર અને પીરો મુરશિદની ભલી દુઆઓથી આપણા સમાજના ધંધા અને પ્રાઈવેટ એકાઉન્ટ(નવીન ફાઈલ અને ચાલુ ફાઈલ ટ્રાન્સફર કરી) ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ અને એકાઉન્ટીંગનું કામકાજ કોમ્પ્યુટરાઈઝડ ખાત્રીપૂર્વક કરી આપવામાં આવશે. સહકાર બદલ આભાર.*

**ઓફિસ :** *સગુન ગેસ્ટ હાઉસ, ઉનાપાની રોડ, રેલ્વે સ્ટેશનની સામે, સુરત-૩૯૫ ૦૦૩*
*(ઓ.) ૦૨૬૧-૨૪૩૧૧૪૮/૨૪૫૦૧૨૪*
**રહેઠાણ:** *મુ.પો.કાકોશી, તા.સિધ્ધપુર, જિ.પાટણ.*


***હજી ખેંચી ન ખેંચી તેગ હયદરના દુલારે ત્યાં,***
***ઘણા શત્રુએ ખોયા હોંસલા હિમ્મત ગુમાવીને,***
***ઘણા ભાગ્યા, ઘણાની જાન ભાગી, જિસ્મને છોડી,***
***અલીનો લાલ જ્યાં જંગે ચડ્યો બાંહ્યો ચડાવીને.***

# લાલચનું ફળ

ઈરાનના એક મહાન શાયર.

શેખ સાઅદી છે એમનું નામ.

એક દિવસ શેખ સાઅદી એક ધર્મશાળામાં ઉતર્યા હતા. એ ધર્મશાળામાં એક મોટો સોદાગર પણ ઉતરેલો હતો. સોદાગરને જ્યારે ખબર પડી કે શેખ સાઅદી પણ આ ધર્મશાળામાં ઉતરેલા છે તો તેણે તેમને પોતાની મુલાકાત માટે બોલાવ્યા અને પોતાની સઘળી હકીકત કહેવા લાગ્યો. સેંકડો કરજના દસ્તાવેજો અને ઘરેણાંના ખતો તથા મોટા મોટા ચોપડાનાં ખાતાં બતાવ્યાં. જ્યાં જ્યાં દુકાનો હતી ત્યાંનો હિસાબ પણ સંભળાવ્યો.

ટૂંકમાં શેખ સાઅદી સમક્ષ તેણે એવી એવી વાતો કરી કે તે સાંભળીને એમનું માથું દુઃખવા લાગ્યું. છેવટે તેમણે સોદાગરને કહ્યું,

'હવે આપની ઉંમર મોટી થઈ ગઈ છે અને હવે આ માલ દોલત વારસદારોને હવાલે કરીને બાકીના જિંદગીના દિવસો આરામમાં ગાળો તો બેહતર ગણાશે.'

સોદાગરે કહ્યું,

'હું પોતે પણ એવું જ વિચારું છું. માત્ર એક મુસાફરી કરવાની બાકી છે તે થઈ જાય તો ઈન્શાઅલ્લાહ આ દુનિયાનાં કામો ત્યજીને આરામ કરું.'

શેખ સાઅદીએ પૂછયું,

'કઈ મુસાફરી હજુ બાકી છે?'

તેણે કહ્યું, 'ઈરાદો છે કે પહેલાં ચીન દેશ જાઉં. ત્યાંનાં વાસણો ખૂબ સારાં હોય છે. ત્યાંથી વાસણો ભરીને જહાજ રૂમ લઈ જાઉં અને ત્યાંના બજારમાં વેચી નાખું. રૂમનું રેશમી કાપડ બહુ સારું છે. તેને ખરીદીને હલબ લઈ જાઉં અને હલબનાં દર્પણ કાશ્મિર અને કાશ્મિરનાં ગરમ કપડાં વિલાયત લઈ જાઉં અને ત્યાંથી દરેક પ્રકારનો અંગ્રેજી માલ સામાન લઈ આવું અને ત્યાર બાદ ઘેર બેસી રહું. મને પોતાને તો વધારે લાલચ છે જ નહીં પણ આ મુસાફરી જરૂરી છે.'

વાચક મિત્રો ! માણસની ઈચ્છાઓ એટલી બધી લાંબી પહોળી હોય છે કે તેને હઝરત ખિઝર પયગમ્બર(અ.) જેટલી ઉંમર પણ ઓછી પડે. આ સોદાગરે વર્ષોની મુસાફરીનો ઈરાદો રાખેલો પણ તે એક જ મહિનામાં આખરની મુસાફરીએ પહોંચી ગયો. ✻

## મિસ્લે ફાતેમા ઝયનબ

હામીએ દીને મુસ્તફા ઝયનબ,
નુસરતે હકમેં મુર્તઝા ઝયનબ.
કોહે ઝુલ્મો સિતમસે ટકરાકર,
બન ગઈ મિસ્લે ફાતેમા ઝયનબ.
વકતે મુશ્કિલ હૈ યા રસૂલિલ્લાહ,
બેકફન શાહ, બેરિદા ઝયનબ.
હર ગમો રંજમેં શરીક રહી,
મુનિસે શાહે કરબલા ઝયનબ.
તેરી તકરીરને સરે દરબાર,
સબકો ખામોશ કર દીયા ઝયનબ.
જૈસે મિમ્બર પર આ ગયે હો અલી,
તેરે ખુત્બેકી વો સદા ઝયનબ.
તેરે નકશે કદમ જહાંકે લિએ,
હૈ સબક બાઅદે સૈયદા ઝયનબ.
લોગ કરતે હૈ જબકે ઝિક્રે હુસૈન,
તેરા આતા હે તઝકિરા ઝયનબ.
તુમ તો મુશ્કિકુશાકી બેટી હો,
હલ કરો મેરા મુદ્દુઆ ઝયનબ.
યાઅનો નાનાસે બક્ષવા દેના,
અપને અંદાઝકી ખતા ઝયનબ.

**-સૈયદ મુનિરહુસૈન કાઝમી**

છે ખુદ સરદાર જન્નતના અને તલવાર જન્નતની,
ખુદા જાણે શું કરશે આ મિલન હાથો મિલાવીને.



હતી એ ઝુલ્ફિકારે હૈદરી જન્નતથી આવી પણ,
પડી જેના ઉપર એને રહી દોઝખ બતાવીને.



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૬૪**

**દેખોને જિનાવર તરીકતી રાહકા,**
**અનુ કુછ બુઝા ભેદ પીયાકા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ચકોર પક્ષીનું ઉદાહરણ આપીને સમજાવે છે કે તરીકતના રસ્તા પર ચાલનાર એક જનાવરને તમે જુઓ કે તેણે પીયાનો થોડોક જ ભેદ જાણ્યો છે, સમજ્યો છે.)

**જો ઉસ મન તાલી પીયા રાહકી લાગી,**
**તો સુખે અનુકી તબ જપ ભાગી.**

(જ્યારે તે જાનવરને પોતાના પીયાના માર્ગની તાલાવેલી લાગી ત્યારથી તેનામાં સુખચેનથી સૂઈ રહેવાની શાંતિ જ ચાલી ગઈ.)

**રાહ પીયાકી આંખું રે માંહાં,**
**તો આંખું દોડાવે બોત બોત ઠાંહાં.**

(તે જનાવરની આંખો સતત તેના પીયાની રાહમાં જ રહેવા લાગી. તે જગ્યાએ જ પોતાની આંખોને દોડાવવા લાગ્યું અર્થાત તેણે પોતાની આંખો પીયુના માર્ગમાં જ નોંધાયેલી રાખી.)

**ચંદેકા અંગાસ કીયા હે બાસા,**
**જનાવર વાં લગ કરતા હે આસા.**

(તેના પીયુએ અર્થાત ચંદ્રએ આકાશમાં પોતાનો વાસો કર્યો છે - આકાશમાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું છે તેથી તે જનાવર પણ તે તરફ જ આસ લગાવીને બેઠું છે.)

**પગું સું દોડે ના અસમાંન જાવે,**
**ને પાંખું સું ભી ઉડે હાથ નાં આવે.**

((આ જાનવરે પોતાનું સાન-ભાન ગુમાવી દીધું છે) તે પોતાના પગથી જમીન ઉપર ચાલતું ય નથી અને પોતાની પાંખો દ્વારા ઉડીને આકાશ તરફ પણ જતું નથી.)

**સુઝે જિનાવરકે મન નાંએ,**
**કે મન દોડાવે ચંદે તાંએ.**

(આ જાનવરના મનમાં ચાલવાનું કે ઉડવાનું કંઈ સૂઝતું નથી. તેનું મન તો આકાશમાં જ્યાં ચંદ્ર છે તે તરફ જ દોડતું રહે છે. અર્થાત ચંદ્ર તરફ જ તેનું ધ્યાન કેન્દ્રિત થયેલું છે.)

**તો નૈનાં આપસકી રાહમાં દીતે,**
**તો તરીકતી નૈનાં યું કર કીતે.**

(તો તે જાનવરે પોતાની આંખો પીયુના માર્ગમાં સમર્પિત કરી દીધી છે. તો જે તરીકતી હોય તેણે પણ પોતાની આંખો આવી જ રીતે પીયુના માર્ગમાં કેન્દ્રિત કરેલી રાખવી જોઈએ.)


**તો ચકોર ઉસકા ધરીઆ નાંમા,**
**જો આંખું સું રાહકા કરતા હે કાંમાં.**

(તો આ જાનવરનું નામ ચકોર પક્ષી ધરવામાં આવ્યું છે કે જે પોતાની આંખો દ્વારા જ આ માર્ગનું કાર્ય કર્યે જાય છે.)

**આંખું સું સમજના જિસકું લહીએ,**
**ચકોર સમજું ઉસકું કહીએ.**

(જે પોતાની આંખો દ્વારા પીયુના માર્ગને સમજી લેતું હોય તેને ચકોર અને સમજું કહેવાય.)

**અલી શેરે-ખુદાનો શેર વિફરી વાઘ સમ આખર,**
**જમીને કરબલા ઉપર રહ્યો મહેશર મચાવીને.**



**અચાનક એક નિદા ત્યાં અર્શથી આવી કે બસ શબ્બીર,**
**થયો ખામોશ બસ હયદરનો બેટો સર નમાવીને.**

**જો જિનાવર આંખું સું પીયા રાહ જાંના,**
**તો ચકોર ઉસકા નાંમ ધરાંના**

(જે જાનવરે પોતાની આંખોથી પોતાના પીયુનો રસ્તો જાણી લીધો તે જાનવરનું નામ ચકોર ધરવામાં આવ્યું.)

**ચંદેકી પીતકા જો ઉસ મન ભાવા,**
**તો નૈનાં દોડાવે ઉસકું એ હાવા.**

(ચંદ્ર પ્રત્યેની પ્રીતનો તે પક્ષીના મનમાં એટલો બધો ભાવ છે કે તે પોતાની આંખો તેના તરફ દોડાવીને શૃંગારયુક્ત ચેષ્ટા કર્યે જાય છે.)

**ચકોર ચંદેકુ પીયા કર જાંને,**
**તો ઉસ કેરી રાહ બોત પિછાંને.**

(ચકોર પક્ષી ચંદ્રને જ પોતાનો પીયુ સમજે છે અને તેથી જ તો તે તેના પીયુના માર્ગને ખૂબ સારી રીતે ઓળખે છે.)

**જબ ચંદા ઉગ કર બાર જ આવે,**
**તબ થી નૈનાં સાંમી લગાવે.**

(જ્યારથી ચંદ્ર ઉગીને આકાશમાં બહાર દેખાય છે ત્યારથી માંડીને સતત તે પોતાની આંખો તેના તરફ મંડાયેલી જ રાખે છે.)

**જું જું ચંદકા ચઢના કહીએ,**
**તો નૈનાં ઉસકી ઉંચે લહીએ.**

(જેમ જેમ ચંદ્ર આકાશમાં ઊંચેને ઊંચે ચઢતો જાય છે તેમ તેમ તે ચકોર પક્ષી પણ પોતાની આંખો તેની તરફ ઊંચે લઈ જાય છે.)

**જો અગરેબ છોડ કર મગરેબ જાવે,**
**તો ચકોર બેઠડા નજર ફિરાવે.**

(જો ચંદ્ર પૂર્વ દિશા છોડીને પશ્ચિમ દિશા તરફ જાય તો ચકોર પક્ષી પણ બેઠું બેઠું પોતાની નજર તે દિશામાં ફેરવ્યા કરે છે.)

**પણ આપ ફિર કર ચંદે નાં જોવે,**
**કે રખે ચંદ ફિરતે અલોપ હોવે.**

(ચકોર પક્ષી પોતાની નજર ચંદ્ર તરફથી હટાવીને એક ક્ષણ માટે પણ બીજી તરફ જોતું નથી કારણ કે એને ડર છે કે રખેને એવું કરવાથી તેનો ચંદ્ર રૂપી પીયુ તેની આંખોથી ઓજલ થઈ જાય.)

**પીત રંગ રાહકા ચકોરનો જાંના,**
**તો હેત કર મન કર ચંદસું પિછાંના.**

(ચકોર પક્ષીએ પ્રેમના માર્ગનો રંગ જાણી લીધો છે. તેણે તો પોતાના મનથી ખૂબ હેત કરીને પોતાના ચંદ્ર રૂપી પીયુને ઓળખી લીધો છે.)

**દેખતો હોવે નિરાવાંન મનમાં,**
**બિન ચંદ સુજે ન ચકોર તનમાં.**

(ચંદ્ર દેખાય છે ત્યાં સુધી તો ઠીક પરંતુ જ્યારે ચંદ્ર દેખાતો બંધ થઈ જાય છે ત્યારે ચકોર પક્ષીના મનમાં નિરાશા ઉત્પન્ન થાય છે અને ચંદ્ર વગર તેને કંઈ સૂઝતું નથી. તેના શરીરમાં કંઈ ચેન પડતું નથી.)

**જિસ દિન અલોપ હોવે ચાંદા,**
**ઉસ દિન ચકોર પડે રે માંદા.**

(જે દિવસે આકાશમાં ચંદ્ર ઉગતો નથી અર્થાત ચંદ્ર અલોપ રહે છે તે દિવસે ચકોર પક્ષી માંદું પડી જાય છે. એટલે કે તેને પીયુ વગર કંઈ ચેન પડતું નથી.)

**ઉસ દિન ખાંના ઉસે નાં ભાવે,**
**વે પીતકે કારણ તન ગમાવે.**

(જે દિવસે ચંદ્ર અલોપ રહે છે તે દિવસે ચકોર પક્ષીને ખાવાનું પણ ભાવતું નથી. ખાવાનું ન ભાવવાનું કારણ ચંદ્ર પ્રત્યેની પ્રીત છે. ચંદ્રના વિયોગમાં જ છેવટે તે પોતાનું શરીર ખાધા-પીધા વગર ગુમાવી દે છે.)

**એસી રે તરીકત પીયાકી કહીએ,**
**તો ચલે રે બિના કયું કર લહીએ ?**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે

**પડ્યો રણવીર આખર રણ મહીં પણ શું કહું 'શમશીર',**
**રહ્યો શત્રુના મુખમાંથી નબીનો દીં પડાવીને.**

**હટે જો માનવી દિલથી અગર હિજાબ હુસૈન,**
**ચમન આ વિશ્વ બને આદમી ગુલાબ હુસૈન.**

છે કે આનું નામ જ પીયુની તરીકત. તો આવા તરીકતના માર્ગ પર ચાલ્યા વગર કેમ ચાલે ?)

**ચકોર ધરતીમાં વસે, અને ચંદા વસે આકાશ રે,**
**અને ચંદા વસે આકાશ;**
**જો નૈનુ રાહ લે હાથ કર, તો હુવા ઉસકે પાસ રે,**
**તો હુવા ઉસકે પાસ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા સમજાવે છે કે ચકાર પક્ષી ધરતી ઉપર વસે છે અને ચંદ્ર આકાશમાં વસે છે તેમ છતાં આંખોના માધ્યમ દ્વારા ચકોર પક્ષી આકાશમાં વસતા પોતાના પીયુને પોતાની નજીક હોવાનો અનુભવ કરે છે.)

### બયાન નં.૬૫

**જિસ મન બસે પીયા કેરી રાહા,**
**તો નિત ઉઠ પંથમાં નૈનું ધાહા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે જેના મનમાં પીયુનો માર્ગ વસી ગયો હોય તો તેની આંખો હર હંમેશ એ પંથ તરફ જ મંડાયેલી રહેતી હોય છે.)

**દેખો ને જિનાવર બન કેરા બાસા,**
**પીયા કેરી રાહકી કરતા હે આસા ?**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે વન વગડામાં રહેનારા પેલા ચકોર પક્ષીને તમે જુઓ કે તે પોતાના પીયાના માર્ગની કેવી આશા (ઝંખના) રાખે છે.)

**અનું આંખાં અપની રાહમાં દીતી,**
**તરીકતી પીયાકી યું કર લીતી.**

(ચકોર પક્ષીએ પોતાની આંખો પીયુના માર્ગમાં સમર્પિત કરી દીધી અને આ રીતે તે પક્ષી પોતાના પીયાનું તરીકતી બની ગયું.)

**દેખોને બંદા અબુઝ અગાંના,**
**કે પીયા કેરી રાહકા ન રાખે હે ધાંના.**

(હવે તમે અણસમજુ અને અજ્ઞાની બંદાને જુઓ કે તે પોતાના પીયુના રસ્તાનું જરા પણ ધ્યાન રાખતો નથી.)

**બંદેકું રે આંખાં પરતગ લહીએ,**
**તરીકત બિના અંધા કહીએ.**

(બંદાને તો જોવા માટે પ્રત્યક્ષ આંખો આપેલી છે તેમ છતાં તરીકતનો માર્ગ ગ્રહણ કર્યા વગર તેને તો આંધળો જ કહેવાય.)

**આંખાં તો જે બંદેકું દીતી આંહેં દેખણે,**
**તો તો રે કાહે કરે અંધે કે લેખણે ?**

(જે બંદાને અલ્લાહ તઆલાએ જોવા માટે આંખો આપેલી છે તેમ છતાં તે આંધળા માણસના જેવાં લક્ષણો શા માટે બતાવે છે ?)

**જો બેદ એ પંથ કે આંખુ સુ જોવે,**
**તો તુજસું પીયા રાહ અલોપ નાં હોવે.**

(જો બંદો પીયુના ધોરી પંથની વાતો પોતાની આંખો વડે જુએ તો અય બંદા ! તારાથી પીયુનો માર્ગ અદશ્ય ન જ રહે.)

**નૈનું સું પંથ બેદમાં લહીએ,**
**રાહ પીયાકી યું પંથ રે કમાઈએ.**

(જો આંખો દ્વારા આ ધોરી પંથની ઊંડી વાતોને જાણી લેવામાં આવે તો પીયુનો રાહ પણ મળી જાય અને સત્પંથની કમાણી પણ થઈ જાય.)


**જે આંખાં રે અપની નવરી રાખે,**
**તો બેદ પીયા રાહ કે વે કયું કર આખે?**

(જે બંદો પોતાની આંખોને પીયાના રસ્તાને જોવાથી નવરી રાખે અર્થાત આંખો વડે પીયુના માર્ગને ન જુએ તો પીયુના ધોરી રસ્તાની ઊંડી વાતો તે કેવી રીતે કહી શકે ?)

**તરીકત બેદ બિના કયું કર લીજે ?**
**તો આંખાં રખ કર કયા પીછે કીજે ?**

(ધર્મશાસ્ત્રને જાણ્યા વગર તરીકતનો પંથ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? ધર્મશાસ્ત્ર જોવા માટે તો

**હજારો ક્રાંતિઓ જેના ઉપર છે આજ નિસાર,**
**તું સર્જી એવો ગયો એક ઈન્કિલાબ હુસૈન.**



**લૂંટાવી તારું ભર્યું ઘર વસ્યો તું ઘરઘરમાં,**
**આ કેવી ભવ્ય છે તુજ ફત્હ ફત્હયાબ હુસૈન.**

*આંખો આપી છે પછી આંખોને રાખી મૂકીને પાછળથી શું કરવાની ?)*

**એ આંખાં હે પીયાકી જો પીયા રાહ નાં જાંને,**
**તો આંખું કું દુરિજન તું કાહે નાં માંને ?**

*(આ આંખો તો પીયુનો રસ્તો જાણવા માટે છે જો તું તારી આંખોથી પીયુનો પંથ ન જાણે તો આ આંખોને તું દુરીજનની છે એવું કેમ માનતો નથી ?)*

**કે પીયુજીને આંખાં એ તુજકું દીતી,**
**વે રે આંખું ને પીયા રાહ નાં લીતી.**

*(તારા પીયુજીએ જ આ આંખો તને આપી છે તેમ છતાંય તું આ આંખોની મદદથી પીયુનો રસ્તો કેમ લેતો નથી ?)*

**તો હવે કયું એ આંખાં તેરી રે હોવે ?**
**તો પીયા તેરે કી રાહ કયું જોવે ?**

*(તો હવે તે આંખો તારી આંખો કેવી રીતે બની શકે ? અને એ આંખો તારા પીયુની રાહ કેવી રીતે જોઈ શકે ?)*

**જો દુરિજન નૈનાં હેં તેરે સાથે,**
**તો બેરી જાંન રાખીએ અપને રે હાથે.**

*(જો તારી આંખોની સાથે દુરિજન શયતાન સંકળાયેલો હોય તો તું તારી સાથે તે દુરિજન શયતાનને પોતાનો વેરી જાણી લેજે.)*

**દુરિજન પંથ હે રે તુજ આગલ,**
**તો નૈનાં વાં રે જાવે અપની રે આપકલ.**

*(જો તરીકતના પંથ ઉપર દુરિજન શયતાન તારી આગળ આગળ ચાલતો હોય તો તારી આંખો પણ પોતાની મેળે તેની સાથે જ જવાની.)*

**જો નૈનુંકો અપને અપની ન કીજે,**
**તો તરીકત પીયાકી કયું કર લીજે ?**

*(જો તું તારી આંખોને તારી પોતાની જ બનાવી ન લે તો પછી પીયુનો છૂપો માર્ગ તું કેવી રીતે પ્રાપ્ત કરી શકીશ ?)*

**તરીકત પીયાકી જે રે પિછાંનો,**
**તો નૈનુંકું હાથ કર રાહમેં યું જાંને.**

**-: રે તુંહી :-**

*(જે બંદો પોતાના પીયુની તરીકતને અર્થાત ગુજ-ભેદના રસ્તાને જાણતો હોય તો તેણે પોતાની આંખોને હસ્તગત કરીને જ આ રસ્તા પર જવું જોઈએ?)*

**નૈનાં અપની આપ કર, દેખો પીયાકા પંથ રે,**
**દેખો પીયાકા પંથ;**
**નૈનાં તેરી દુરિજનાં, તો કયું કર પાવે ગંથ રે,**
**તો કયું કર પાવે ગંથ?**

*(પોતાની આંખોને પોતાના અંકુશમાં રાખીને પીયુના પંથને નિહાળો. જો તારી આંખો જ દુરિજન શયતાનની પાસે હોય તો તું કેવી રીતે કિતાબનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે ?)* ✻



**ગુલામઅબ્બાસ એ. અઘારીયા**
ફોન : (૦૭૯) ૨૫૫૦૪૨૯૫
૩૦૪૮૮૪૪૦
મો. ૯૭૨૫૧૨૮૬૭૦

❖ ઈન્ટરનેશનલ એન્ડ ડોમેસ્ટીક એર ટીકીટ
❖ રેલ્વે ટીકીટ
❖ બસ ટીકીટ
❖ પાસપોર્ટ અને પાનકાર્ડના સલાહકાર

Naaz
Government Authorised Travels

**નાઝ ટ્રાવેલ્સ**
**૨૩૧૨, રીલીફ સિનેમાની સામે, રીલીફ રોડ,**
**અમદાવાદ-૩૮૦૦૦૧.**
Email : naaztravels@ymail.com


**શુમાર એનો શરીઅતમાં થઈ જતે કિન્તુ,**
**જવાબ જુઠનો આપ્યો તેં લાજવાબ હુસૈન.**



**ન હોત તું તો ન રહેતે જગે નમાઝ અને,**
**ન હોત દીન કે અલ્લાહની કિતાબ હુસૈન.**

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જમલના પ્રસંગે જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

લોકો બસરામાંથી બહાર નીકળીને તેમને દફન કરવા લાગ્યા. જનાબે અમીર ખુદ પોતે દરેક કતલ થયેલાઓની લાશ ઉપર તશરીફ લઈ જતા હતા. જ્યારે કઅબ બિન સવારની લાશ ઉપર પહોંચ્યા તો ફરમાવ્યું કે તમારા લોકોનું એવું ગુમાન હતું કે થોડાક મૂરખા લોકો સિવાય આ ટોળામાં કોઈ શામેલ નહીં થાય. અલ્લાહ કસમ કઅબ બિન સવાર ખૂબ સારા માણસ હતા. પછી અબ્દુલ્લાહ બિન ઈતાબને જોઈને ફરમાવ્યું, આ માણસ કોમનો સર્વશ્રેષ્ઠ માણસ હતો. આ એવો માણસ હતો કે લોકો દરેક સમયે તેની આજુબાજુ પહેરો ભરતા હતા અને ઈનામ પ્રાપ્ત કરવા માટે તેની પાસે એકઠા થતા હતા. ત્યાંથી તલ્હાની કબર ઉપર પહોંચ્યા અને કહેવા લાગ્યા, ઈન્નાલિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન, અય અબા મોહંમદ ! અફસોસ છે કે હું કદી પણ એવું ઈચ્છતો નહતો કે તમે કુરૈશને આવી રીતે તડપાવો. અલ્લાહની સોગંદ, અય અબા મોહંમદ ! કોઈએ એક સરસ શેઅર કહ્યો છે (ભાવાર્થ) એક યુવાન તવંગરીમાં પોતાના મિત્રને પોતાની નજીક બેસાડી રાખતો હતો. જ્યારે તેનો મિત્ર તવંગર બની ગયો તો તે તેની ફકીરીના કારણે તેનાથી દૂર રહેવા લાગ્યો.

પછી મોહંમદ બિન તલ્હાને પડેલા જોઈને ફરમાવ્યું, આને એના બાપની ઈતાઅતે મારી નાખ્યો. ત્યાર પછી આપે બધા જ કુફાવાસીઓ અને બસરાવાસીઓનાં મડદાં ઉપર નમાઝે જનાઝા પઢીને બધાને એક મોટી કબરમાં દફન કરી દીધા અને બન્ને લશ્કરોનાં હથિયારો અને કપડાં એકઠાં કરીને મસ્જિદમાં મૂકાવી દીધાં અને ફરમાવ્યું કે અય લોકો! પોત પોતાની વસ્તુઓને ઓળખીને લઈ જાઓ અને હથિયારોને ખજાનામાં જમા રાખવાનું ફરમાવ્યું કેમકે તે હથિયારો વિજય પ્રાપ્તિમાં મળ્યાં છે.

ત્યાર પછી આપ બસરામાં તશરીફ લઈ ગયા. બધા જ બસરાવાળાઓએ એટલે સુધી કે ઘાયલ થયેલાઓએ અને આશરો લેવાવાળાઓએ પણ આપની બયઅત કરી. બયઅત લીધા પછી આપ ઉમ્મુલ મોમિનીન પાસે તશરીફ લઈ ગયા અને તેમને સલામ કરીને તેમની પાસે બેસી ગયા. પછી જનાબે અમીરુલ મોમિનીને કતલ થયેલા લોકોની બાબતમાં પૂછપરછ કરી કે આ બન્ને લશ્કરમાંથી કોણ કોણ માર્યા ગયા છે. જ્યારે આપની સમક્ષ કતલ થઈ ગયેલાઓનાં નામ કહેવામાં આવ્યાં તો આપે ફરમાવ્યું, ખુદા તેમના ઉપર રહેમ કરે. લોકોએ અરજ કરી, આવું તો કેવી રીતે થઈ શકે ? તો આપે ફરમાવ્યું કે મેં આ મુજબ જ આં હઝરત(સ.) પાસેથી સાભળ્યું છે કે ફલાણા ફલાણા માણસો જન્નતમાં જશે. જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું કે હું એવી ઉમ્મીદ કરું છું કે આ બન્ને લશ્કરોમાંથી જે કોઈનું દિલ ખુદાના માટે ખાલિસ (નિર્મળ) હતું અને માર્યો ગયો તેને ખુદા જન્નતમાં દાખલ કરશે.

પછી જનાબે ઉમ્મુલ મોમિનીન માટે સવારી

ઉખેડ્યાં તારા પિતાએ જો દ્વાર ખયબરનાં,
તેં ખોલ્યા દીને ખુદાના બધાય બાબ હુસૈન.

લખ્યો સુવર્ણથી જેને જગતનાં ઈતિહાસે,
હતો એ જુલ્મને તારો ફક્ત જવાબ હુસૈન.

અને સફરનું ભાથું, વગેરેનો સામાન તૈયાર કરાવીને તેમને મક્કા તરફ રવાના કરવાની ઈચ્છા કરી અને જે લોકો બસરામાં રહેવા માગતા હતા એમના સિવાય જે લોકો ઉમ્મુલ મોમિનીનના લશ્કરમાં આ પ્રસંગ પછી બચી ગયા હતા તેમને તેમની સંગાથે રવાના કર્યા. અને બસરાની ચાલીસ સ્ત્રીઓને તેમની સાથે મોકલી અને તેમની સાથે તેમના ભાઈ મોહંમદ બિન અબુબક્રને પણ રવાના કર્યા અને કૂચ કરવાના દિવસે આપ પોતે તશરીફ લાવ્યા અને તેમની ખિદમતમાં ઊભા રહ્યા.

ઉમ્મુલ મોમિનીન ફરમાવવા લાગ્યાં, અલ્લાહ કસમ, મારા અને અલીના વચ્ચે કંઈ પહેલાં દુશ્મની નહોતી પરંતુ એવી મોહબ્બત હતી કે જેવી મોહબ્બત સ્ત્રીને પોતાના સાસરી પક્ષવાળાઓ સાથે હોય છે. જનાબે અમીર(અ.)એ ફરમાવ્યું કે આપ સાચું કહો છો. આ બાબત સિવાય અમારી અને તેમની વચ્ચે કદી કોઈ પ્રકારનો સંઘર્ષ નથી થયો અને આપ દુનિયા અને આખેરતમાં અમારા નબી(સ.)ની બીબી છો. પછી જનાબે ઉમ્મુલ મોમિનીન મક્કા તરફ રવાના થયાં. અને જનાબે અમીર(અ.) પણ થોડાક માઈલ સુધી વળાવવા માટે તેમની સાથે ગયા અને પોતાના બન્ને સાહબઝાદાઓને એક આખા દિવસ માટે તેમને વળાવવા માટે મોકલ્યા.

જનાબે ઉમ્મુલ મોમિનીન હજના દિવસો સુધી મક્કામાં રહ્યાં. પછી મદીના ગયાં. જ્યારે જનાબે અમીર(અ.) બસરાના લોકોની બયઅત લેવાથી ફારેગ થઈ ચૂક્યા કે જે લોકો એમની ભલાઈ માટે આ પ્રસંગે હાજર થયા હતા, તો તેમને બયતુલ માલ વહેંચી દેવાનો હુકમ કર્યો જેથી દરેક માણસને પાંચસો દીનાર અર્પણ થયા. આપે ફરમાવ્યું, અગર ખુદાપાકે શામના લોકો ઉપર વિજય આપ્યો તો દરેકને આટલું જ ઈનામ આપવામાં આવશે. તઅકાઅ(રઝી.) એવું કહ્યા કરતા હતા કે જમલની લડાઈની સાથે સિફ્ફીનની લડાઈને કોઈ સંબંધ નથી. અગર તમે હોત તો જુઅત કે અમે ભાલાઓનાં મોઢાં પોતાની છાતી ઉપર ધરીને છાતીના ધક્કાથી તેમના ભાલા જમલવાળાઓના શરીરમાં ખોસી દેતા હતા અને તેઓ પણ અમારી સાથે એવું જ કરતા હતા. અબ્દુલ્લાહ બિન સિનાન અલ કાહલી કહે છે કે જમલના દિવસે અમે લોકોએ એટલાં બધાં તીર ચલાવ્યાં કે અમારાં તરકશ (તીર મૂકવાનાં ખોખાં) ખાલી થઈ ગયાં અને એટલા પ્રમાણમાં ભાલા માર્યા કે તેમના ભાલા તૂટી ગયા. અમારી છાતીઓ અને તેમની છાતીઓ ચારણીની માફક કાણાં કાણાં થઈ ગઈ હતી.

જનાબે અમીર(અ.)એ મોટા અવાજે ફરમાવ્યું હતું કે અય મુહાજિરો અને અન્સારોના સુપુત્રો ! તલવારો ખેંચી કાઢો. માથાના ટોપાઓ ઉપર તલવારો પડવાનો અવાજ ધોબીઓના ધબાકાઓના અવાજ સમાન હતો. મદીનાના લોકો મગરિબ પહેલાં આ પ્રસંગથી પરિચિત થઈ ગયા હતા અને આની ખબર તેમને એવી રીતે પડી કે પક્ષીઓ વારંવાર મરેલાઓના અવયવોને લઈને ઉડી જતાં હતાં. આમ પક્ષી એક હાથને લઈને ઉડયું અને તે હાથ મદીનામાં તેના પંજામાંથી પડી ગયો. લોકોએ તેને ઉઠાવીને જોયો અને તેની વીંટી પરના લખાણને વાંચવામાં આવ્યું તો તેના ઉપર અબ્દુર્રરહેમાન બિન અતાબ(રઝી.)નું નામ કોતરેલું હતું. આ રીતે મક્કા અને મદીનાની વચ્ચેના રહેવાસીઓ પણ તેનાથી માહિતગાર થઈ ગયા. બધા જ ઈતિહાસકારો જનાબે અમીર(અ.)ના લશ્કરમાં શહીદ થયેલાઓની સંખ્યા એક હજાર સિત્તેરની બતાવે છે અને આખા લશ્કરની સંખ્યા વીસ હજારની આસપાસ હોવાનું અને જમલવાળાઓના કતલ થયેલા લોકોની સંખ્યા સત્તર હજાર નેવું

**છે એવી મય કે જે પીતાં જ આંખડી છલકે,**
**હું લઉં છું તારી મોહબ્બતનો એ શરાબ હુસૈન.**

**રહીને યાદમાં તારી જ દમબદમ 'શમશીર',**
**કદમ કદમ એ રહે વિશ્વે કામિયાબ હુસૈન.**

માણસોની બતાવે છે અને તેમના લશ્કરની કુલ સંખ્યા ત્રીસ હજાર હતી. આનાથી જાણવા મળે છે કે તેઓ અડધા કરતાં ય વધારે સંખ્યામાં માર્યા ગયા હતા.


કમાલુદ્દીન બિન તલ્હા અલ શાફઈ મતાલિબુલ સૂલમાં લખે છે કે જંગે સિફ્ફીન એક એવો જંગ છે કે જેમાં જનાબે અમીર(અ.)ની સાથે ઘણા બધા પ્રસંગો બન્યા છે. તેનો દરેક પ્રસંગ એવો છે કે જે સાંભળવાથી બહાદુર માણસનું દિલ કંપી ઊઠે છે અને બાળક વૃધ્ધ થઈ જાય છે. જ્યારે જનાબે અમીર(અ.)એ જંગે જમલથી ફુરસદ પ્રાપ્ત કરીને કુફા જવાનો નિર્ધાર કર્યો અને જનાબે ઉસ્માનના આમિલ (પદાધિકારી) હમ્દાન જરરી બિન અબ્દુલ્લાહ અલ બજલી અને અઝરબૈજાનના આમિલ અશઅશ બિન કૈસને બોલાવી લીધા અને તેમનાથી બયઅત લઈને પ્રણાલિકા મુજબ અમલ પર સ્થિર રહેવા દીધા. પછી આપ બસરાથી બહાર નીકળ્યા અને ફોજને તૈયાર કરીને મોઆવિયા અને શામના લોકો સાથેની લડાઈ માટે લોકોની મદદના ઈચ્છુક બન્યા તો આની જાણ મોઆવિયાને પણ થઈ ગઈ. તેણે પોતાના વઝીર ઉમરૂ બિનુલ આસની સાથે મશ્વેરો કર્યો. ઉમરૂ બિન આસે કહ્યું જ્યારે જનાબે અમીર ખુદ પોતે જ લડવા માટે નીકળ્યા છે તો તારે પણ ખુદ પોતે તેમની સાથે લડવા જવું મુનાસિબ છે. મોઅવિયાએ ઉમરૂ બિનુલ આસને પોતાની સાથે લઈ જઈને પત્ર મોકલ્યો અને ફોજને તૈયાર કરીને એક અલમ ઉમરૂ બિનુલ આસ માટે અને એક એક તેના બન્ને પુત્રો અબ્દુલ્લાહ અને મોહંમદના માટે અને એક અલમ તેના ગુલામને સોંપ્યો. પછી બન્ને જણા અર્થાત જનાબે અમીર અને મોઆવિયા પરસ્પર મુકાબલા માટે રવાના થયા અને ફુરાત પર જઈને મળ્યા.

જનાબે અમીર(અ.)એ અબુ ઉમર અને મોઆવિયા અને નસર બિન મહસસ અન્સારી અને સઅદ બિન કૈસ અલ હમ્દાની અને શબઅ બિન રબીઆ અલ તમીમીને બોલાવીને કહ્યું કે તમે આ માણસ અર્થાત મોઆવિયાની પાસે ચાલ્યા જાઓ અને તેને ખુદાની તરફ બોલાવો અને ઈતાઅત અને જમાઅત તરફ દાવત કરો, કદાચ ખુદા તેને હિદાયત કરે અને ઉમ્મતના આ પરસ્પરના મતભેદોને મિટાવી દે. જે દિવસે તે લોકો મોઆવિયા પાસે રાજદૂત તરીકે ગયા એ દિવસે પહેલી ઝિલહજ હિજરી-૩૬ની તારીખ હતી. સૌ પ્રથમ બશીર બિન ઉમરૂ અલ અન્સારીએ ખુદાની સિફતો અને હમ્દ કર્યા પછી મોઆવિયાને કહ્યું, અય મોઆવિયા ! દુનિયા તારાથી બરબાદ થવાની છે અને તું આખેરતની તરફ પ્રયાણ કરનાર છે. ખુદા તારી પાસેથી હિસાબ લેનાર અને બદલો આપનાર છે. હું તને ખુદાની કસમ દઈને કહું છું કે તું આ ઉમ્મતમાં ફાટફૂટ ન પાડ અને જમીન પર લોકોનું ખૂન ન વહાવ. (ક્રમશઃ)


**નુરમહંમદ અઘારીયા** ૯૮૨૪૩૪૪૪૩૦ ૯૭૨૪૪૯૫૬૫૫

**હાજરપીરની ભલી દુઆઓથી**

**એક્ષપર્ટ ફ્રીઝ સર્વિસ**

કાર એ.સી., વોટર કુલર, ડીપ ફ્રીઝ, હોમ ફ્રીઝ, સ્પ્લીટ એ.સી., **L.P.G.** ગેસ કીટ ફીટીંગ તથા રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર.

**હુસૈની ટેકરી, બસ સ્ટેન્ડ,**
**ગરાસીયા ઈન્ડેનની ઓફિસની બાજુમાં,**
**મુ.પો. કાણોદર-૩૮૫ ૫૨૦ તા.પાલનપુર.**


**અફસોસ કે કદરે આલે અબા બે દીનો સરાસર ના સમજ્યા,**
**શબ્બીરના દિલના મનસૂબા એ પાપીઓ આખર ના સમજ્યા.**

**કુલ કુફ્ર સમા લશ્કરમાંથી હુર આવે છે કુલ ઈમાન તરફ,**
**પણ દુશ્મને દીં કંઈ કુફ્ર અને ઈમાનનું અંતર ના સમજ્યા.**

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૬૦ સૂરએ મુમતહેના**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ :

**અય ઈમાન લાવનારાઓ ! જ્યારે ઈમાન લાવનારી સ્ત્રીઓ હિજરત કરીને તમારી પાસે આવે તો તેમની પરીક્ષા કરી લો. અલ્લાહ તો તેમના ઈમાન(ની સ્થિતિ)થી સારી રીતે વાકેફ છે જ, પછી જો તમે પણ તેણીઓને ઈમાનદાર માની લો તો તેમને નાસ્તિકો તરફ પાછી મોકલો નહીં. (કારણ કે) તે(ઈમાનદાર સ્ત્રી)ઓ ન તો તેમના માટે હલાલ છે કે ન તે(નાસ્તિક)ઓ આ (ઈમાનદાર સ્ત્રીઓ) માટે હલાલ છે; હા, અગર તેઓ કાંઈ ખરચ કરી ચૂક્યા હોય તો તે તેમને આપી દો, એવી સ્ત્રીઓને તમારા નિકાહમાં લેવામાં તમારા ઉપર કંઈ દોષ નથી એ શરતે કે તમે તેમની મહેર આપી દો અને (નિકાહ કરવામાં) તેમના નાસ્તિકો સાથે થયેલા વિવાહના દસ્તાવેજોને બંધનકર્તા ગણો નહીં. અને તમે જે કાંઈ ખરચ કરી ચૂક્યા છો તે (તેમની પાસેથી) માગી લો અને જે કાંઈ તેઓ ખરચી ચૂક્યા છે તે તેઓ તમારી પાસેથી માગી લે; તમારા માટે અલ્લાહની એ જ આજ્ઞા છે, તે તમારી વચ્ચે (આવી રીતે) નિર્ણય કરે છે, અને અલ્લાહ મહા જ્ઞાની (તથા) હિકમતવાળો છે. (૧૦)**

સુલહે હુદયબિયા વખતે શરતો લખવામાં આવી હતી તેમાં એક શરત એ હતી કે કોઈ કાફર જો મક્કાથી ભાગી જઈને મુસલમાનોની પાસે આવી જાય તો મુસલમાનોએ કુફ્ફારની માગણી પર તેને પાછો સોંપવો જોઈએ, પણ જો કોઈ મુસલમાન મદીનાથી ભાગી જઈ એહલે મક્કા સાથે મળી જાય તો તેઓ તેને પાછો ન સોંપે. આ શરત માત્ર પુરૂષો માટે હતી. હજુ ખત પત્ર ઉપર સહી જ થઈ હતી એવામાં એક ઓરત સબીઆ બિન્તે હારિસ અસલમીયા મક્કાથી ભાગીને હુઝૂર(સ.)ના રક્ષણમાં આવી. તેની પાછળ તેનો પતિ આવ્યો અને પોતાની સ્ત્રીની માગણી કરી. તે વખતે આ આયત નાઝિલ થઈ. તે વખતે આપે તેણીના ઈમાનની પરીક્ષા લીધી અને તેણીથી કસમ લીધી કે તે પતિથી નારાજ થઈને, ફરવાના બહાને અથવા તો કોઈ મુસલમાન ઉપર આશિક થઈને આવી નથી બલ્કે ફક્ત ખુદાની ખુશી માટે હિજરત કરી છે. પછી હુઝૂરે તેના ધણીને મહેરનો જે હક થતો હતો તે પોતાની પાસેથી આપ્યો અને એક સહાબી સાથે તેના

### સોનેરી શબ્દો

ઈબ્ને ઝિયાદે ઈમામ હુસૈન(અ.)ને લખ્યું,

'યઝીદની બયઅત કરો નહિતર હું તેના હુકમ મુજબ તમને કતલ કરાવી દઈશ.'

ઈમામ હુસૈન(અ.)એ પત્ર વાંચીને કહ્યું,

**'તે કોમ કદીય ફતેહમંદ નહીં નિવડે કે જે બંદાઓને રાજી રાખવા માટે ખુદાને નારાજ કરે છે.'**

હાલના સમયમાં આ શબ્દો અતિ ઉપયોગી છે, જે નીતિ વિષયક, નૈતિક હિંમત અને વિનયનો બોધ આપે છે, તે મનુષ્ય આત્મા અને સજ્જનતા તેમજ ગૈરત વચ્ચે સંબંધ ઉત્પન્ન કરે છે.

**સમજ્યા તો ફક્ત એ સમજ્યા કે છે હુકમે યઝીદી કત્લે હુસૈન,**
**પણ પાપી યઝીદની બયઅતને સરવરનો અનાદર ના સમજ્યા.**



**દુનિયાથી વિદા ખુદ દીને નબી થવાના ભયાનક ભય કરતાં,**
**નિજ ઘરની તબાહીના ભયને શબ્બીર ભયંકર ના સમજ્યા.**

નિકાહ કરાવી દીધા.

સ્ત્રીઓને પાછી ન મોકલવાનો હુકમ એટલા માટે જારી થયો કે ઓરતના મુસલમાન થઈ જવા પછી તેના નિકાહ બાકી રહેતા નથી અને તેથી સ્ત્રીને પાછી કરવી તે વ્યભિચારનું કારણ બનત તેથી તે સ્ત્રીને પાછી મોકલવાની મનાઈ કરી અને જ્યારે કુફ્ફારોએ સુલેહનામાની શરતોનું વર્ણન કર્યું તો આપે ફરમાવ્યું કે તે શરતો તો માત્ર પુરૂષો માટે હતી તેમાં સ્ત્રીઓનું કોઈ વર્ણન ન હતું.

ત્યાર પછીની આયતોનો અનુવાદ :

**અને અગર તમારી સ્ત્રીઓમાંથી કોઈ તમારા હાથમાંથી નીકળીને નાસ્તિકો તરફ ચાલી જાય, પછી જ્યારે તમને લાગ મળે તો જે લોકોની સ્ત્રીઓ ચાલી ગઈ હોય તેમને (તે ગનીમતના માલમાંથી) એટલું આપી દો જેટલું કે તેઓ ખરચી ચૂકયા છે, અને તે અલ્લાહથી ડરતા રહો કે જેના પર તમે ઈમાન રાખો છો. (૧૧)**

**અય નબી ! જ્યારે ઈમાન લાવનારી સ્ત્રીઓ તારી પાસે આવી શરતે બયઅત કરવા આવે કે તેણીઓ ન કોઈ વસ્તુને અલ્લાહની શરીક બનાવશે કે ન ચોરી કરશે કે ન વ્યભિચાર કરશે કે ન પોતાની ઓલાદને મારી નાખશે કે ન (પોતાના પતિઓ પર) પોતાના હાથ તથા પગની વચ્ચે (અર્થાત પોતાના મનમાંથી ઉપજાવી કાઢેલું) આળ ચઢાવશે કે ન કોઈ વ્યાજબી કાર્યમાં તારી નાફરમાની કરશે તો તેમની બયઅત સ્વીકારી લે, અને તેમના સંબંધમાં અલ્લાહ પાસે ક્ષમા માગ, નિઃસંદેહ અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાવાન છે. (૧૨)**

**અય ઈમાન લાવનારાઓ ! તે લોકો સાથે દોસ્તી ન કરો કે જેમના પર અલ્લાહ કોપાયમાન થયો છે તેઓ આખેરતથી એવા નિરાશ થઈ ગયા છે કે જેવા નાસ્તિકો મુડદા (ના સજીવન થવા) થી. (૧૩)**

અલ્લાહના હુકમ પછી મુસલમાનો એ કામના પાબંદ થઈ ગયા કે કુફ્ફારના તરફથી જે ઓરત હિજરત કરીને આવતી હતી તો તે સ્ત્રીના પહેલાંના પતિની માગણી મુજબ તેમને એ મહેરનો હક આપી દેવામાં આવતો હતો કે જે તેમણે તેણીના ઉપર ખર્ચ કર્યો હોય, પણ મુસલમાનો તરફથી જે ઓરત મુરતદ થઈ કાફરો પાસે ચાલી જતી હતી તો તેઓ આ હુકમના પાબંદ રહેતા ન હતા કે મુસલમાનોની માગણી પછી તેઓ તેનો હક્કે મહેર પાછો કરી દે કે જે મુસલમાનોએ આપ્યો હતો. તે વિષે કુદરત કહે છે કે જો તમારી ઓરતો કુફ્ફાર તરફ મુરતદ થઈને ચાલી જાય અને તમને ક્યાંય જેહાદ કરવાનું નસીબ થાય અને તેમને તેમાંથી જે માલે ગનીમત મળે તો તેમાંથી એ લોકોને એટલું આપો કે જેટલું તેમણે એ ઓરતોને મહેરના હકમાં આપ્યું હતું કે તેથી તે લોકો બીજી જગ્યાએ શાદી કરવાને લાયક થઈ શકે.

મક્કાના વિજય વખતે હઝરત રસૂલે ખુદા(સ.)એ સફાના પહાડ ઉપર બેસીને પુરૂષોથી બયઅત લીધી અને ત્યાર પછી જ્યારે સ્ત્રીઓનો બયઅત લેવાનો સમય આવ્યો તો આ હુકમ નાઝિલ

**મિલ્લત પર ઉપકાર**

**ન આંચ આને દી મિલ્લતપે તૂને જાંને નબી,**
**બુઝાએ ખૂને જીગરસે શરારે બુલહબી.**

(અય નબી(સ.)ના જીવ હુસૈન ! તેં નબી(સ.)ની ઉમ્મત ઉપર જરા પણ આંચ આવવા ન દીધી અને તેં તારા કાળજાના લોહી વડે કુફ્રના (અબુલહબી) અગ્નિકોણોને હોલવી નાખ્યા.

સદ મરહબા સરવરની હિમ્મત, શી દીનની ઉલ્ફત શી કિંમત,
કે દીનથી પ્યારા દુનિયામાં પુત્રો કે બિરાદર ના સમજ્યા.



જાંબાઝ તો જાનો દઈને રહ્યા શબ્બીરે ઘણા રોક્યા કિન્તુ,
અબ્બાસે દિલાવર, ઔનો મોહંમદ કાસિમો અકબર ના સમજ્યા.

થયો અને આપે સ્ત્રીઓમાંથી બયઅત એ શરતો મુજબ લીધી કે જેનું આયતમાં વર્ણન થયું છે અને આપે ફરમાવ્યું કે હું સ્ત્રીઓના હાથની સાથે હાથને સ્પર્શ કરવો પસંદ કરતો નથી, પછી આપે પાણીનો પ્યાલો મંગાવ્યો અને તેમાં પહેલાં પોતાનો હાથ મુબારક નાખી કાઢી લીધો પછી બયઅત કરનારી ઓરતોને કહ્યું કે તમે બધી સ્ત્રીઓ આમાં હાથ નાખો અને આ જ બયઅત છે.

યહૂદીઓની સાથે મોહબ્બત ન રાખો કે તેઓ જાણી જોઈને ઈસ્લામની વિરૂદ્ધતા કરે છે અને આખેરતના સવાબથી તેઓ નિરાશ થયેલા છે, જેવી રીતે મક્કાના મુશરિકો કબરના લોકોના ફરી જીવતા થવાની આશા રાખતા નથી અને કબરના લોકોની ફરિયાદ કરવાને પણ તેઓ માનતા નથી. *


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**


## General Knowledge Corner 101

**(૧) તાજેતરમાં કયા પ્રદેશને નવા રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે ?**
(A) ગોરખાલેન્ડ (B) તેલંગાણા
(C) બુંદેલગઢ

**(૨) ભારતમાં સૌથી મોટી ઉંમરે વડાપ્રધાન બનનાર વ્યક્તિ કોણ હતી ?**
(A) પી.વી.નરસિંહરાવ
(B) મોરારજી દેસાઈ
(C) અટલબિહારી વાજપેયી

**(3) કાસ્પિયન નામનું વિશ્વનું સૌથી વિશાળ સરોવર કયા દેશમાં આવેલું છે ?**
(A) અમેરિકા (B) કૅનેડા (C) રશિયા


**(૪) આકાશગંગામાં કદની દૃષ્ટિએ સૌથી મોટો ગ્રહ કયો છે ?**
(A) ગુરૂ (B) શનિ (C) પ્લુટો

**(૫) કયો મોગલ બાદશાહ હઝરત સલીમ ચિશ્તી(રહે.)નો અનુયાયી હતો ?**
(A) હુમાયુ (B) બાબર (C) અકબર

**(૬) ગુજરાતમાં સૌ પ્રથમ બનેલ 'એક્સપ્રેસ હાઈવે' કયા બે શહેરોને જોડે છે ?**
(A) અમદાવાદ-રાજકોટ
(B) અમદાવાદ-વડોદરા
(C) વડોદરા-સુરત

**(૭) શીખ ધર્મનું યાત્રાધામ 'સુવર્ણ મંદિર' કયા શહેરમાં આવેલું છે ?**
(A) લુધિયાણા (B) અમૃતસર
(C) ચંડીગઢ

અબ્બાસે સફો ને ચીરીને જઈ નહેર કિનારે મશ્ક ભરી,
પ્યાસા તો હતા પણ પાણીથી કરવાને જિગર તર ના સમજ્યા.



તલવારો ને તીરોની ઝડીએ 'શમશીર' એ ખૂનમાં ડુબ્યા પણ,
મયદાનથી પાછા હટવાનું શબ્બીરના સહચર ના સમજ્યા.

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## 'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ

### Desperation *(નિરાશા/મરણીયાપણું)*

به روز معرکه ایمن مشو ز خصمِ ضعیف
که مغز شیر برآرد چو دل ز جان برداشت

***બ રોઝ મઅરકા અયમન મશુ ઝ ખસમે ઝઈફ***
***કે મગ્ઝે શેર બિરાદર ચૂં દિલઝ જાન બરદાશ્ત***

*(યુધ્ધના દિવસે તમારી જાતને નબળા દુશ્મનથી સલામત ન ગણી લેતા કેમકે મરણિયાપણું (નિરાશા) તેને મૃત્યુના ભયમાંથી બહાર નીકળવા માટે શક્તિમાન બનાવે છે અને સિંહના માથાને પણ કચડી નાખે છે.)*

گر گزندت رسد ز خلق، مرنج
که نه راحت رسد ز خلق، نه رنج
از خدا دان خلاف دشمن و دوست
که دل هر دو در تصرّف اوست
گرچه تیر از کمان همی گذرد
از کماندار بیند اهلِ خرَد

***ગર ગઝનાદતા રસદ ઝ ખલક, મરંજ***
***કે ના રાહતા રસદ ઝ ખલક ના રંજ***
***અઝ ખુદાદાના ખિલાફ દુશ્મના વ દોસ્તા***
***કે દિલ હર દૂ દર તાસર્રૂફ અવસ્તા***
***ગર ચે તીર અઝ કમાના હમી ગુઝિર્દ***
***અઝ કમાનાદાર બીનાદ અહલે ખિર્દ***

*(જો લોકો દ્વારા તમને નુકસાન પહોંચાડવામાં આવે તો તમે દુ:ખ ન અનુભવતા કારણ કે સુવિધા કે દુવિધા કંઈ તેમના તરફથી આવતી નથી. દુશ્મનોના વિરોધને અને મિત્રો તરફથી મળેલ પ્રેમભાવને અલ્લાહ તરફથી આવેલો માની લેજો કારણ તે અલ્લાહ જ તેમના દિલો ઉપર કાબૂ ધરાવે છે. જો કે તીર કામઠામાંથી સ્વયમ્ છૂટેલું નથી હોતું. સમજદાર માણસો તો જાણતા હોય છે કે તે તીર વાસ્તવમાં તો તીરંદાજે જ છોડેલું હોય છે.)*

شنیده ای که سکندر برفت تا ظلمات
به چند محنت، وآنگه نخورد آب حیات

***શનીદા અય કે સિકંદર બરફ્ત તા ઝુલ્માત***
***બ ચંદ મેહનત વ આંગા નખુર્દ આબે હયાત***

*(તમે સાંભળ્યું છે કે સિકંદર (ઝુલ્કરનૈન) વણખેડ્યા અંધકારમય પ્રદેશમાં ગયેલ અને ઘણી મુસીબતો વેઠ્યા પછી પણ આબે હયાત (અમૃત) પીવામાં સફળ ન થયેલ.)*

*__નોંધ:__ એવું માનવામાં આવે છે કે આબે હયાતને (અમૃતને) અંધકારમય અને વણખેડયા વિસ્તારમાંથી શોધી કાઢવામાં આવ્યું હતું. સિકંદરે આબે હયાતને શોધી કાઢવામાં ઘણી મહેનત ઊઠાવી હતી પરંતુ તે પીવાનું તેના ભાગ્યમાં નિર્મિત થયેલું ન હતું.*

بخت و دولت به کاردانی نیست
جز به تأییدِ آسمانی نیست
اوفتاده ست در جهان بسیار
بی تمیز ارجمند و عاقل خوار
کیمیاگر به غصّه مرده و رنج
ابله اندرخرابه یافته گنج

***બખત વ દૌલત બ કારદાની નીસ્ત***
***જુઝ બ તાયૈદ આસમાની નીસ્ત***

બુલંદ વિશ્વે વફા થઈ ગઈ સબરી સાથે જફાની સામે,
ઝુકે છે આજે અદબથી સૌ કો' નિશાને શાહે વફાની સામે.

અનોખો રહેબર અનોખુ લશ્કર અનોખો અફસર અનોખા તેવર,
સદીઓ થઈ પણ મિસાલ મૂકી શક્યું ન કો' કરબલાની સામે.

***અવફતાદા સત દર જહાન બિસ્યાર***
***બી તમીઝ અર્જમંદ વ આકિલ ખ્વાર***
***કીમિયાગર બ ગુસ્સા મુર્દ વ રંજ***
***અબલા અંદર ખરાબા યાફતા ગંજ***

*(સદ્નસીબ કે માલ દોલત કંઈ માણસની હોંશિયારીથી પ્રાપ્ત થતાં નથી. એ તો માત્ર અલ્લાહની મહેરબાનીથી જ પ્રાપ્ત થાય છે. ઘણી વખત એવું પણ બન્યું છે કે કોઈ અણસમજુ માણસને સન્માનિત કરવામાં આવ્યો હોય જ્યારે કોઈ સમજદાર માણસને દુનિયામાં તિરસ્કૃત કરવામાં આવ્યો હોય. પેલો કીમિયાગર આખી જિંદગી સુધી ધનપ્રાપ્તિ માટે દુ:ખ અને હતાશામાં જ મરણને શરણ થઈ ગયો જ્યારે કોઈ મૂરખાને ભંગારના ઢગલામાંથી ખજાનો પ્રાપ્ત થઈ ગયો.)*

جـهـد رزق ار کُـنی وگـر نَکُنـی
بـــرسـانـد خــدای عـــزّوجَـــلّ
ور رَوی در دهــان شـیــر و پـلـنگ
نــخـورنـدت مـگـر بــه روزِ اجــل

***જોહદ રિઝક અર કુની વગર નકુની***
***બર સાનદ ખુદાઈ ઈઝઝોજલ***
***વર રવી દર દહાન શેર વ પલંગ***
***ન ખૂરનદત મગર બ રોઝે અજલ***

*(રોજિંદી રોઝી-રોટી મેળવવા માટે તમે પરિશ્રમ ઊઠાવો કે ન ઊઠાવો, સૌથી વધારે ઈબાદતને લાયક અને સન્માનને પાત્ર એવો અલ્લાહ તમારા ઉપર રોઝીની નવાજિશ કરવાનો જ અને જો તમે સિંહોના કે ચિત્તાઓના જડબા સુધી પહોંચી જાઓ તો પણ તેઓ તમને ભરખી નહીં જાય સિવાય કે એ દિવસે તમારું મોત નિર્મિત થયેલું હોય.)*

قـضـا دگـــر نـشــود ور هــزار نالــه و آه
به کـفر یا به شـکایــت  بر آید از دهـنی
فرشته ای کـه وکیل اســـت برخزاین باد
چه غم خورد که بمیرد چراغ پیرزنی ؟

***કઝા દિગર ન શૂદ વર હજાર નાલા વ આહ***
***બકુફ્ર યા બ શિકાયત બર આયદ અઝ દહની***
***ફરિશ્તા અય કે વકીલ અસ્ત બર ખજાયન બાદ***
***ચે ગમ ખૂર્દ કે બમીરદ ચિરાગ પીરઝની***

*(સેંકડોની સંખ્યામાં રોકકળ કરવા છતાંય અને નિસાસા નાખવા છતાંય અથવા કૃતજ્ઞતા અને ફરિયાદ કરવા છતાંય આપણે આપણા પ્રારબ્ધમાં લખેલી બાબતોને બદલી શકતા નથી. જો કોઈ વૃધ્ધ વિધવાના ઘરનો દિવો ઓલવાઈ જાય તો હવાના ખજાના ઉપર નિયુક્ત થયેલો પેલો ફરિશ્તો શાની કાળજી રાખે છે?)*

آنـــکــــه حـــّظ آفـــریـــــد و روزی داد
یــا فـضـیـلـت همی دهـــد یـا بـخـت

***આંકા હઝઝ આફરીદ વ રોઝી દાદ***
***યા ફઝીલત હમી દહદ યા બખત***


*(એ(અલ્લાહ) કે જેણે આનંદનું નિર્માણ કર્યું છે અને દૈનિક રોઝી પૂરી પાડે છે તે તમારા ઉપર સદગુણોની કે સદભાગ્યની નવાજિશ કરે છે.)*

شـخـصـی هـمـه شب بر سرِ بیمار گریست
چوݩ روز شد، او بِمُرد و بَیمار بـزیـســت

***શખ્સી હમા શબ બર સરે બીમાર ગરીસ્ત***
***ચૂં રોઝ શુદ અવ બે મુર્દ વ બીમાર બઝીસ્ત***

*(એક માણસ આખી રાત બીમાર માણસની પાસે બેસીને રડતો રહ્યો પણ જ્યારે ફજરનો સમય થયો તો તે સારવાર કરનાર માણસ મૃત્યુ પામ્યો અને*

ન ઝુલ્મે રાખી કચાશ કંઈ પણ જફાઓ તૂટી હતાશ થઈ પણ,
ન હુસૈન ઈબ્ને અલીનું મસ્તક ઝૂક્યું ન ઝુલ્મો જફાની સામે.



કસમ ખુદાના, ખુદાઈ પોતે ખરે જ ઝુમી ઉઠે છે ત્યારે,
ઝુકાવે રણમાં ઝઈફી જ્યારે કમરને બાંધી, જવાની સામે.

પેલો બીમાર માણસ સાજો થઈ ગયો.)

ای بسا اسبِ تیزرو که بماند
که خر لنگ جان به منزل برد
بس که در خاک تندرستان را
دفن کردیم و زخم خورده نمرد

***અય બસા અસબો તૈઝરૂ કે બમાનદ***
***કે ખરે લંગ જાન બ મંઝિલ બર્દ***
***બસ કે દર ખાક તંદરસ્તાન રા***
***દફન કરદીમ વ ઝખમ ખૂર્દા નમર્દ***

(કેટલીય વાર ઝડપી ચાલવાળો ઘોડો પણ પાછળ રહી ગયો હોય છે જ્યારે લંગડો ગધેડો મંઝિલે પહોંચી ગયો હોય છે. કેટલીય વાર આપણે સાજા સમા માણસોને કબરમાં દફનાવ્યા છે જ્યારે ઘાયલ થયેલા માણસો જીવતા રહી જવા પામ્યા છે.) ✻

## શેર - શાયરીનો કાર્યક્રમ

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૧૭-૦૧-૨૦૧૦ને રવિવારની રાત્રે મકામે એહલેબયત, તેજપુરા મુકામે મજલિસ તથા મોહંમદ વ આલે મોહંમદની ફઝીલતમાં શેર-શાયરીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો આ કાર્યક્રમમાં હાજર રહેવા તમામ મોમિન ભાઈ બહેનોને હાર્દિક આમંત્રણ છે. તદુપરાંત શેર - શાયરી પઢવા ઈચ્છતા મોમિન ભાઈ બહેનોએ નીચે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

માસુમ મહેરપુરી ૯૪૨૮૫૮૫૩૭૨
ઈસ્માઈલહુસૈન ડોડીયા ૯૪૨૭૬૯૬૯૬૦




**વારિસઅલી એન. કલુસીયા**
મો.૯૪૨૬૦૩૪૨૯૩, ૯૮૨૫૨૧૮૪૪૦
(બાદરપુરવાળા)



**ઝમઝમ એન્ટરપ્રાઈઝ**

**મીનરલ વૉટર પ્લાન્ટ (R.O.) સીસ્ટમના નિષ્ણાંત**

ઈલેક્ટ્રીક વજન કાંટા ● ઈન્ડકશન ઈલેક્ટ્રીક સગડી




દરેક પ્રકારના ઈલેક્ટ્રીક વજન કાંટા તથા રેસીડેન્સ, હોટલ, રેસ્ટોરન્ટ તેમજ ઈન્ડસ્ટ્રીઝને લગતા તમામ પ્રકારના R.O. વૉટર પ્યુરીફાયર સીસ્ટમના નિષ્ણાંત

**R.O. સીસ્ટમ ● ઈલે. વજન કાંટા ● ઈલે. ઈન્ડકશન સગડી**

**ઝમઝમ એન્ટરપ્રાઈઝ**

૨૩, રીગલ શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડની બાજુમાં, વડનગર.


**નથી લડ્યો કંઈ હુસૈન સામે યઝીદ ઈબ્ને મોઆવિયા તું,**
**છે જંગ તારી કસમ ખુદાના ખરું કહું તો ખુદાની સામે.**



**કહું શું હિંમત હુસૈનીઓની છે અન્ન જળ વિણ હતાશ કિંતુ,**
**એ રણમાં ઉતર્યા કઝાની જાણે કઝા બનીને કઝાની સામે.**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### ગીબત-તોહમત-બોહતાન

(ગતાંકનું ચાલું)

**ગીબત / તોહમત પાછળનાં કારણો :**

ગીબત કરવા અથવા તોહમત મૂકવા પાછળ નીચે મુજબ મુખ્ય કારણો હોઈ શકે છે.

(૧) **ગુસ્સો :** જ્યારે માણસને કોઈના ઉપર ગુસ્સો ચડે અને તે વ્યક્તિ હાજર ન હોય અને ગુસ્સો કાઢવાનો બીજો કોઈ માર્ગ ન હોય ત્યારે તેની બૂરાઈઓનું વર્ણન કરીને તે પોતાના ગુસ્સાને ઠંડો કરતો હોય છે.

(૨) **દ્વેષભાવ કે દુશ્મનાવટ :** જ્યારે કોઈને કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષભાવ હોય અથવા દુશ્મનાવટ હોય તો તે તેના દોષોને બીજાની આગળ ગણાવવાનું શરૂ કરી દે છે.

(૩) **ઈર્ષા(હસદ) :** કેટલીક વખત ગીબત અને તોહમત ઈર્ષાને લીધે પરિણમે છે. જો કોઈ માણસ સન્માનિત હોય, તેણે કંઈક સારું કાર્ય કર્યું હોય, તેણે કોઈને મદદ કરી હોય તેના લીધે તેની વાહ વાહ થતી હોય ત્યારે કેટલાક ઈર્ષાળુ માણસો વાણી ઉચ્ચારશે. આવા લોકો તેને મળતા સન્માનને ઓછું કરવાના કે જૂઠું બોલીને સન્માનને નષ્ટ કરવાના પ્રયત્નો તેના ચારિત્ર્યમાં વિષનાં બીજ રોપીને કરશે જેથી તેના પ્રત્યેનું સન્માન અત્યાચાર કે બદનામીમાં પરિવર્તિત થઈ જાય. અલ્લાહ તઆલાએ આવા લોકો ઉપર લાઅનત કરી છે અને તેમને અનિષ્ટ બાબતોની કાનફૂસી કરનારાઓ, માનવજાતની કાનફૂસી કરનારાઓ ગણ્યા છે. (સૂરતુન્નાસ)

(૪) **ઠઠ્ઠા મશ્કરી :** કેટલીક વખત લોકોની રમૂજ અને મનોરંજન કરવાના આશયથી કોઈના અયબોની નકલ કરવામાં કે દુર્ગુણોનું વર્ણન કરવામાં આવે છે. જોકે આમાં કોઈને ઉતારી પાડવાનો કે કોઈની ઈઝ્ઝત લેવાનો આશય ન હોય તો પણ કોઈ એક વ્યક્તિને **target** બનાવીને રમૂજ ઉત્પન્ન કરવામાં આવે તો તે ગીબતની કક્ષામાં આવી જાય.


(૫) **શેખી કે બડાઈ :** કેટલીક વાર વ્યક્તિ પોતાની બડાઈ હાંકવા અને શેખી મારવા માટે બીજા માણસને હલકો બતાવે છે અને તેના દુર્ગુણો વર્ણવવા બેસી જાય છે જે છેવટે ગીબતમાં પરિણમે છે.

આ ઉપરાંત પણ ઘણાં બધાં કારણો હોઈ શકે છે.

### અહદ અને વાહેદ

**અહદ** એટલે એક અને **વાહેદ** એટલે પણ એક. બન્નેના અર્થ સરખા થાય છે પરંતુ આ શબ્દોના ભાવાર્થમાં તફાવત છે. **અહદ** એવો એક છે કે જેના પછી બે કે ત્રણ કે ચાર આવતા નથી જ્યારે **વાહેદ** પછી તે આંકડા આવી શકે છે. **અહદ** એટલે Absolute oneness(સંપૂર્ણ એકત્વ). આ શબ્દ તૌહીદની સંકલ્પના વ્યક્ત કરે છે.

ભલા ઊકબા મહીં એને પછી ખૌફો ખતર શાના,
કે જેના હો વસીલા હશ્રમાં ફરઝંદ ઝેહરાના.



ડુબી જાશું તો એના ગમ મહીં, એમાં જ તરવાના,
જીવી જાશું તો એની યાદમાં, એમાં જ મરવાના.

***નિંદા કેન્દ્રો :***

ગીબત અને તોહમત માટેનાં નિંદા કેન્દ્રો ખાસ કરીને એવાં જાહેર સ્થળો હોય છે કે જ્યાં લોકો ભેગા થતા હોય છે. ગામનો ચોરો, ગામના જાહેર ઓટલાઓ, દુકાનના બાંકડાઓ કે જ્યાં નવરા લોકો એકઠા થતા હોય તે નિંદા કરવાનાં ઉત્તમ કેન્દ્રો હોય છે. ***'નવરા બેઠા નખ્ખોદ વાળે'*** એ કહેવત અને ***'ચાર મળે ચોટલા તો ભાગે કોઈના ઘરના ઓટલા'*** એ કહેવત આવા સ્થળોએ યથાર્થ સાબિત થાય છે.

***નિંદાનાં માઠાં પરિણામો :***

નિંદા કરનાર વ્યક્તિએ બન્ને ઠેકાણે એટલે કે આ દુનિયામાં અને આખેરતમાં નિંદા કરવાનાં માઠાં પરિણામો ભોગવવાં પડતાં હોય છે.

***દુનિયામાં ભોગવવાં પડતાં માઠાં પરિણામો :***

(૧) નિંદા કરનાર વ્યક્તિ દુનિયામાં માનભંગ થાય છે. નિંદિત વ્યક્તિ તેનો દુશ્મન બની જાય છે.

(૨) નિંદા કરનાર વ્યક્તિની જીભ અન્ય લોકોના જીવન વિષે બકવાસ કરવાની આદતવાળી બની જાય છે. તેની આબરૂમાં ઘટાડો થાય છે.

(૩) નિંદા કરનાર વ્યક્તિના આત્મા ઉપર, તેના કૌટુંબિક જીવન ઉપર અને તેના સામાજિક જીવન ઉપર વિનાશક અસર થાય છે.

***આખેરતમાં ભોગવવાં પડતાં માઠાં પરિણામો :***

(૧) કયામતના દિવસે જેની નિંદા કરવામાં આવી હોય તે વ્યક્તિ નિંદા કરનાર માણસ પાસે બદલો માગવાનો હક રજૂ કરશે.

(૨) અલ્લાહ તઆલા નિંદાનો ભોગ બનનાર વ્યક્તિને ગુનેગાર માણસ પાસેથી તેનાં નેક કાર્યો બદલા તરીકે અપાવશે.

(૩) જો નિંદા કરનાર વ્યક્તિના ખાતામાં સારાં કાર્યો નહીં હોય તો નિંદિત વ્યક્તિના ગુનાહ નિંદા કરનારના ખાતામાં ફેરવી નખાશે.

(૪) નિંદા કરવાથી કેટલું બધું નુકસાન !!!

***ગીબત કરવાથી થતાં નુકસાન :***

- ગીબત કરવાથી દુઆઓ કબૂલ થતી નથી.
- ગીબત કરવાથી નેક કાર્યોનો સ્વીકાર થતો નથી.
- ગીબત કરવાથી લોકોમાં કટુ લાગણી, ધિક્કાર અને ધૃણાની લાગણી જન્મે છે.
- જે માણસ સતત નિંદા કરતો હોય તેનાથી લોકો સચેત બની જાય છે કેમકે લોકોને એવો ભય રહે છે કે તે પણ તેનું બૂરું બોલશે.
- આમ લોકો નિંદા કરનાર વ્યક્તિમાંનો વિશ્વાસ અને ભરોસો ગુમાવી દે છે.


આપણે બધા સહજ રીતે જ નિંદા કરવાના કાર્યમાં જોડાઈ જઈએ છીએ અને આપણને તેની જાણ પણ થતી નથી અને આપણે પોતાની જાતને નિંદાથી મુક્ત અને ગુનાહથી મુક્ત માનીએ છીએ. પરંતુ ખરેખર એવું છે ખરું ? વિચારજો.

કોઈની એવી આલોચના કરવી કે ફલાણો માણસ જાડો છે, સૂકલકડી છે, મંદબુધ્ધિનો છે આવું

★★★ **મોહબ્બતકે શરર પથ્થરકે સીનેસે નીકલતે હૈ,**
**બશર તો ક્યા ફરિશ્તે ભી ઈન્હીં શોલોંસે જલતે હૈ. - અલ્લામા ઈકબાલ** ★★★

(ઈશ્કના અંગારા પથ્થરની પેદાશ છે. તે સખત હોય છે અથે બળવામાં પણ આકરા હોય છે.
માણસ તો શું, ફરિશ્તાઓ પણ પ્રેમની આગમાં બળીને ભસ્મ થઈ જાય છે.)

**દીવાના એની ચોખટ પર જઈ, થઈ જાઈ છે દાના,**
**ને દાનાઓ ચહે છે થઈ જવા સરવરના દિવાના.**



**મને વિશ્વાસ છે કે શ્વાસ ભર વિશ્રામ લીધા વિણ,**
**અમારા કાફલાઓ હૌઝે કવસર પર અટકવાના.**

બધું કહેવું પણ ગીબતની કક્ષામાં આવી જાય છે. કોઈ માણસના પહેરવેશની ટેવ, ખાવાની ટેવ, ચાલવાની રીત કે બોલવાની રીતભાત વિષે નકારાત્મક ટીકા ટિપ્પણી કરવી, કોઈ વ્યક્તિની શારીરિક ક્રિયાની નકલ કરવી પછી ભલેને તે બીજાઓના મનોરંજન માટે કેમ ન હોય, એ બધું પણ નિંદાની કક્ષામાં આવી જાય. દુનિયામાં મહેનત-પરિશ્રમ કરીને, દુઃખો વેઠીને એકઠાં કરેલાં

## ટચૂકડી વાત

એક માણસ દાંતના ડોક્ટર પાસે ગયો અને ત્યાં જઈને કહેવા લાગ્યો,

'દાક્તર સાહેબ ! મારા દાંતમાં દરદ થાય છે.'

ડોક્ટરે કહ્યું,

'અંદર આવો.'

પેલા માણસે ડોક્ટરને ફી પૂછી.

ડોક્ટરે કહ્યું,

'મારી ફી ત્રીસ રૂપિયા છે.'

ડોક્ટરે દરદીના દાંતને હાથ લગાવ્યો કે તરત જ તે એટલો બધો જોરથી બૂમ પાડવા લાગ્યો કે દવાખાનામાં બેઠેલા બે દર્દીઓ ત્યાંથી નાસી ગયા.

ડોક્ટરે ગુસ્સામાં કહ્યું,

'તમે તો આદમી છો કે જાનવર ? લાવો, નેવું રૂપિયા.'

પેલા માણસે કહ્યું,

'આપે તો ફી ત્રીસ રૂપિયા કહી હતી ને ? પછી નેવું શાના માગો છો ?'

ડોક્ટરે કહ્યું,

'તમારા ચીસ પાડવાથી મારા બે દર્દીઓ નાસી ગયા તેમની ફીના.' *

## નુસ્ખા

### વાળની માવજત

* વાળ ખરે તો દિવેલ ગરમ કરીને વારંવાર વાળ ઉપર લગાવવાથી વાળ ખરશે નહીં.
* માથા પર કાંદાનો રસ ઘસવાથી માંદગીમાં ખરી ગયેલા વાળ ફરી ઉગે છે.
* આમળા, કાળા તલ, ભાંગરો અને બ્રાહ્મી સરખે ભાગે લઈ વાટીને પાવડર બનાવી રોજ સવાર-સાંજ ફાકવાથી સફેદ વાળ કાળા થાય છે.
* ખાંડ અને લીંબુનો રસ બન્ને ભેગા કરી માથુ ધોવાથી જૂ અને ખોડો મટે છે.
* ચણાને છાશમાં પલાળીને ચણા એકદમ પોચા થાય ત્યારે માથા ઉપર મસળીને બે કલાક પછી માથું ધોવાથી જૂ અને ખોડો મટે છે.
* તલનાં ફૂલ ગોખરૂ અને સિંધવને કોપરેલમાં અથવા મધમાં નાખી તેનો લેપ કરવાથી માથાની ટાલ મટે છે.
* પાશેર કોપરેલમાં ખોબો ભરીને મહેંદી પાન ઉકાળવાં, તે તેલ રોજ ચોળીને માથામાં લગાડવાથી માથાના વાળ ખૂબ વધે છે અને કાળા પણ થાય છે.
* કાંદાનો રસ માથામાં ભરવાથી જૂ મરી જાય છે.
* લીમડાના પાનને પાણીમાં વાટીને તે પાણીથી માથુ ધોવાથી માથાનો ખોડો મટે છે.
* વાર ખરી પડતા હોય ત્યારે તેના પર ગોરાડુ માટી-પ્રવાહી, લીંબુના રસમાં મેળવીને ચોળવાથી વાળ ખરતા અટકે છે.
* છાલ સાથેની કાકડી ખાવાથી વાળ પર ચમક આવે છે.
* ગરમ પાણીમાં આમળાનો ભૂકો નાખી ઉકાળીને એ પાણીથી વાળ ધોવામાં આવે તો વાળ સુંદર અને ચમકતા બને છે.

હૃદયમાં દર્દ વિણ શબ્બીરથી ઉલ્ફત નથી થાતી,
ને એના આશકો દુનિયા મહીં રહેતા નથી છાના.
ભરીને દર્દ દુનિયાનું બનાવી કરબલા દિલમાં,
હુસૈની નામ પર મરતા રહે છે રોજ પરવાના.

નેક કાર્યો નિંદા કરીને બીજા માણસને આપી દેવાનું પોસાય ખરું ? વિચારજો.

હવેથી કોઈના વિષે બૂરું બોલતાં પહેલાં લાખ વખત વિચારજો નહિતર બધાં જ સત્કાર્યો ધૂળધાણી થઈ જશે.

**ગીબતના કફ્ફારા વિષે :**


ગીબતનો કફ્ફારો એ છે કે ગીબત કરનારે સૌ પ્રથમ તો સાચા હૃદયથી ગીબતની તૌબા કરવી પછી જેની ગીબત કરી હોય અને તે જીવતો હોય અને ગીબત વિષે તેને ખબર પડી ગઈ હોય તો એની સાચા હૃદયથી માફી માગી લેવી અને તેને રાજી કરી લેવો. જો ગીબત કર્યાની તેને ખબર પડી ન હોય અને તેને જાણ કરવાથી કંઈક ખરાબી કે અદાવત થવાનો ભય ન હોય તો તેની પાસે જઈ પોતે કરેલી ગીબતનો ઉલ્લેખ કરીને તેની માફી માગી લેવી પરંતુ જો અદાવત થવાનો કે કોઈ અન્ય ખરાબી થવાનો ભય હોય અથવા તો માફી માગવી કોઈ અન્ય કારણથી શક્ય ન હોય તો એ સ્થિતિમાં એ માણસ માટે ઈસ્તિગ્ફાર કરવો. તેના માટે ખુદા પાસે માફીની દુઆ માગવી અને તેના માટે કાંઈ નેક કાર્યો કરવાં કે જેથી કયામતમાં ગીબતનો બદલો થઈ જાય.

ઈમામ જાફર સાદિક(અ.)થી મનકુલ છે કે હઝરત રસૂલે ખુદા(સ.)ને પૂછવામાં આવ્યું કે ગીબતનો કફ્ફારો શું છે ? ત્યારે આપે ફરમાવ્યું, તને એ યાદ આવે (અર્થાત જેની ગીબત કરવામાં આવી હોય તે કાર્ય) ત્યારે ત્યારે તેના માટે ઈસ્તિગ્ફાર કર. *


**નજરઅલી એ. સેદ્રાણીયા**
મો.૯૯૨૫૭ ૮૧૬૪૮

**શબ્બીરઅલી એ. સેદ્રાણીયા**
મો.૯૯૭૯૧ ૦૬૪૪૦
મો.૯૪૨૭૩ ૨૬૪૨૯

(કાકોશીવાળા)




**સર્વોત્તમ ટ્રેડર્સ**

અમારે ત્યાં દરેક જાતના મોબાઈલની એસસરીઝ,
કેલ્કયુલેટર, કટલરી આઈટમ મળશે.

**કામરાન ટ્રેડર્સની સામે, એ-૨૪, કેટી પ્લાઝા, ફુવારા, ગાંધીરોડ, અમદાવાદ.**


**કસમથી કરબલા, તે કરબલા છે કરબલા સામે,**
**ઉભા છે હાથ જોડીને જગતના સર્વ અફસાના.**




**કદી સરવરના ગમ સાથે કરું છું વિશ્વનું માતમ,**
**કે જ્યારે દિલના આંસુને કહી બિદઅત મળે તાના.**

# આપણા ઘરની વાતો

● **વેડા મુકામે ઉજવાયેલ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)નો ડીસ્ટ્રીકનો પ્રસંગ :**

વેડા મુકામે તા.૯-૧૧-૨૦૦૯ થી તા. ૧૩-૧૧-૨૦૦૯ના રોજ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ડીસ્ટ્રીક પ્રસંગે પધરામણી થઈ હતી. પ્રથમ દિવસે કાર્યક્રમની શરૂઆતમાં મોલ્વી સાહેબે તિલાવતે કલામે પાક પેશ કરી હતી ત્યાર બાદ નામદાર બાવા સાહેબનું ફુલહારથી સ્વાગત મો.સુલેમાનભાઈ ફતેભાઈ સુથાર તેમજ અન્ય કોમના ભાઈઓએ કર્યું હતું અને શબ્દોથી સ્વાગત કરી દુરૂદ શરીફ પઢવામાં આવ્યું હતું. નામદાર બાવા સાહેબ વેડાની જુની જુની ઈમારતો ધરાવતું ઐતિહાસિક ગામ જોઈ ઘણા ખુશ થયા હતા. હાજરપીરના ઉતારા ઉપરની સગવડ, મજલિસમાં દુરૂદ શરીફ અને સ્વાગત પ્રવચનની સાદાઈ આપ નામદારને ખૂબ પસંદ પડી હતી. પ્રથમ દિવસે બહારગામથી પધારેલ મહેમાનો માટે જમણવારનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ દરરોજ રાત્રે મજલિસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. છેલ્લે આપ નામદારે મોમિન જમાઅત માટે ભલી દુઆઓ ફરમાવી હતી.

● **ઈન્નાલિલ્લાહે... :**



મોલીપુર-ઝહીરપુરા વિભાગના નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ હબીબભાઈ મુખી** મુ.તા.૧૩ માહે ઝિલહજ-૧૪૩૦, તા.૧-૧૨-૨૦૦૯ને મંગળવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ, હસમુખા હતા. તેમણે ગામના મુખી તરીકેની પોતાની ફરજ સારી રીતે નિભાવી હતી. તેઓ અમદાવાદમાં પીર સૈયદ ઝહીરહુસૈન બાવા(રહે.), પીર સૈયદ અબુતાલિબ બાવા(રહે.) તેમજ વડનગરમાં પીર સૈયદ સદરૂદ્દીન બાવા(રહે.) અને પીર સૈયદ ઝયનુદ્દીન બાવા(રહે.)ના રોઝા મુબારકના બાંધકામની દેખભાળ રાખતા હતા. આ ઉપરાંત માલીપુર ગામની મસ્જિદ, ઈમામવાડા અને મદ્રેસાનું કામકાજ પણ તેમના માર્ગદર્શનથી થયેલ છે. મર્હૂમ બાદરપુર એકતા કમિટીના પ્રમુખ તેમજ ઘણા વર્ષો સુધી મોલીપુર ગામના સરપંચ તરીકે પોતાની સેવાઓ આપેલ હતી. મોલીપુર પ્રાથમિક શાળાનું બાંધકામ પણ તેમના માર્ગદર્શનથી થયેલ છે. મોલીપુરમાં નામદાર મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ૪૮મી જન્મ જયંતિની ઉજવણીના ભગિરથ કામના અગ્રગણ્ય હતા. તેઓ ઈમામ હુસૈન(અ.)ની અઝાદારી અને બાવા સાહેબના કામોમાં હંમેશાં આગળ રહેતા હતા. મર્હૂમની ઝિયારત-ફાતિહાખ્વાનીમાં ઘણી માનવ મેદની જોવામાં આવી હતી. પત્ર દ્વારા તેમજ ટેલિફોન દ્વારા મર્હૂમના અવસાનના મળેલ શોક સંદેશ બદલ મુખી પરિવાર દરેકનો આભાર વ્યક્ત કરે છે.



←--- રસુલપુર-મેત્રાણા નિવાસી **મર્હૂમા મો.મરૂબેન અલાઉદ્દીનભાઈ સુણસરા** મુ.તા.૧૪ ઝિલકાદ-૧૪૩૦, તા.૨-૧૧-૨૦૦૯ને સોમવારના રોજ ૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.




મેતા નિવાસી **મર્હૂમ મો.યુસુફભાઈ અલાઉદ્દીન મોળપીયા** મુ.તા.૧૦ ઝિલકાદ-૧૪૩૦, તા.૨૯-૧૦-૨૦૦૯ને ગુરૂવારના રોજ ૮૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે ભોળા અને દયાળુ હતા. તેઓ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. ---→




←--- કાકોશી નિવાસી **મર્હૂમ મો.સાજીદઅલી હસનઅલી ઘો** મુ.તા.૩૦ ઝિલકાદ-૧૪૩૦, તા.૧૮-૧૧-૨૦૦૯ને બુધવારના રોજ નાની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.સાવદીભાઈ રહીમભાઈ કલુસીયા** મુ.તા.૨૦ ઝિલકાદ-૧૪૩૦, તા.૮-૧૧-૨૦૦૯ને રવિવારના રોજ સાંજે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ સ્વભાવે નિખાલસ, હસમુખા તથા નમાઝના પાબંદ હતા. તેઓ દાદા દોસનજીના વારસદાર હતા. --->



સેવાલણી નિવાસી **મર્હૂમ મો.નશીરભાઈ અલીમદ સુણસરા** મુ.તા.૩ ઝિલહજ-૧૪૩૦, તા.૨૧-૧૧-૨૦૦૯ને શનિવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ચૌદ માઅસુમીન(અ.) તથા શહીદાને કરબલા અને પીરો મુરશિદના ચાહક હતા. --->



←--- ડીંડરોલ નિવાસી **મર્હૂમ મો.રસુલભાઈ ઈબ્રાહીમભાઈ નાંદોલીયા** મુ.તા.૧૩ ઝિલહજ-૧૪૩૦, તા.૧-૧૨-૨૦૦૯ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે લાગણીશીલ, માયાળુ અને પીરો મુરશિદ તથા એહલેબયત(અ.)ના ચાહક હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## ક્ષમા યાચના



**મો.મુસ્તાકઅલી અને મો.આબેદાબેન**



**મો.મહંમદઅલી અને મો.નજમાબેન**

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી અમે **મો.મુસ્તાકઅલી ઈસ્માઈલભાઈ મસી** તથા તેમનાં મહોરદાર **મો.આબેદાબેન મુસ્તાકઅલી મસી** અને **મો.મહંમદઅલી ઈસ્માઈલભાઈ મસી** તથા તેમનાં મહોરદાર **મો.નજમાબેન મહંમદઅલી વિજાપુરા** તા.૧૭-૩-૨૦૧૦ના રોજ ઉમ્રહ હજ-ઝિયારત કરવા અર્થે જઈ રહ્યાં છીએ. મારા ગામ પરબડા-કિશોરગઢ તેમજ સમગ્ર શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના મોમિન ભાઈ બહેનો સાથેના વ્યવહારમાં અમારાથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય અથવા ભૂલચૂક થઈ ગઈ હોય તો આપ સૌ ઉદાર દિલે અમારી ભૂલોને દરગુઝર કરીને અમને ક્ષમા આપશો એવી અમારી વિનંતી છે. અમે આ પવિત્ર સ્થળોએ જઈને ઈન્શાઅલ્લાહ એવી દુઆ માગીશું કે અલ્લાહ તઆલા મોહંમદ વ આલે મોહંમદના વસીલાથી તેમજ પીરો મુરશિદની દુઆઓથી આપ સૌને પણ હજ અને ઝિયારત નસીબ કરે.

**-લિ. મુસ્તાકઅલી તથા આબેદાબેન** | **લિ. મહંમદઅલી તથા નજમાબેન**

**મો.૯૮૨૫૬૭૮૬૮૨** | હોટલ આમંત્રણ, બાયપાસ રોડ, હિંમતનગર | **મો.૯૯૭૯૭૮૬૮૨૯**